કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક ● 10, March 2023 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



## રાજકોટમાં દાદા સુવર્ણ સિંહાસને

## રાજકોટ સહિત દેશભરમાં વિશ્વકર્મા જયંતી ઉજવાઈ

## લાલુપરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

# વિશ્વકર્મા વિશ્વ ના
# દ્વિદશાબ્દી વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા



# શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ

શ્રી વિશ્વકર્મા મંદિર, પંચેશ્વર ટાવર પાસે,
જામનગર. મો. નં. ૯૪૦૯૧ ૭૨૭૦૧

**: પ્રમુખશ્રી :**
રમણીકભાઇ ડી. ગોરેચા

**: ટ્રસ્ટીશ્રી :**
દયાળજીભાઇ એમ. ભારદીયા
(દિલીપ મામા)

**: ટ્રસ્ટીશ્રી :**
અશોકભાઇ એ. આમરણીયા

## કાર્યવાહક સમિતિ

**પ્રમુખશ્રી :** ભરતભાઇ કાંતીભાઇ વડગામા
**ઉપપ્રમુખશ્રી :** નિલેશભાઇ વલ્લભભાઇ ખારેચા
**મંત્રીશ્રી :** ડો. હિંમાશુભાઇ ગીરધરભાઇ આમરણીયા
**સહમંત્રીશ્રી :** રાજેશભાઇ ગીરધરભાઇ ભારદીયા
**ખજાનચીશ્રી :** નિલેશભાઇ કેશવલાલ ઇસલાણીયા

## યુવક મંડળ

**પ્રમુખશ્રી :** વિમલભાઇ ગોરેચા
**ઉપપ્રમુખશ્રી :** ભાવિનભાઇ બોરાણીયા
**ખજાનચીશ્રી :** વિમલભાઇ અખિયાણીયા
**મંત્રીશ્રી :** ચેતનભાઇ વડગામા
**સહમંત્રીશ્રી :** પ્રશાંતભાઇ અઘેડા

## શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ મહિલા મંડળ

**પ્રમુખશ્રી :** કુંદનબેન મહેશકુમાર આમરણીયા • **ઉપપ્રમુખશ્રી :** ગીતાબેન દિનેશભાઇ અઘેડા
**મંત્રીશ્રી :** ભાવનાબેન વિપુલભાઇ વઘાડીયા • **ખજાનચીશ્રી :** જાગૃતિબેન વિજયભાઇ પેશાવરીયા
**સહમંત્રીશ્રી :** મિતલબેન હિમાંશુભાઇ આમરણીયા • **સાં. મંત્રીશ્રી :** નિલાબેન રમણીકભાઇ ગોરેચા

## શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રૃપ

**પ્રમુખશ્રી :** નિલેશભાઇ પ્રભુલાલ વડગામા

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.2
Date : 10-03-2023

Page : 40
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# હવે આશા જાગી છે...

અમદાવાદમાં આવેલ શ્રી ગુર્જર સુતાર સમાજમાં ૧૮ વર્ષે પરિવર્તન આવ્યું છે. ૧૮ વર્ષ સુધી પ્રમુખપદે રહેલા શ્રી હસમુખભાઇ શંખલપરા ધારત તો હજુ પ્રમુખપદે રહી શકયતા હોત પરંતુ સંસ્થાને નવુ નેતૃત્વ મળે તે માટે તેઓએ સ્વેચ્છાએ પ્રમુખપદ છોડવાની અગાઉથી જાહેરાત કરી અને અન્ય કેટલીક સંસ્થાઓ માટે પ્રેરણારૂપ દાખલો બેસાડયો અને પરિણામે સંસ્થામાં ૧૮ વર્ષ બાદ નેતૃત્વ પરિવર્તન આવ્યું. નિયત કાર્યક્રમ પ્રમાણે ચુંટણી થઇ અને જીતેન્દ્રભાઇ સંચાણિયા ૯૮ ટકા બહુમતીથી ચુંટાયા.

નવા પસંદગી પામેલા જીતેન્દ્રભાઇ સંચાણીયા ઉચ્ચ શિક્ષિત છે. અને ધંધાર્થે અનેક દેશોમાં ફર્યા હોવાથી વિવિધ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવે છે. જીતેન્દ્રભાઇ શિક્ષણ અને સમાજપ્રેમી છે. તેઓ કોઇ હોદ્દા પર ન હોવા છતાં વિવિધ સંસ્થામાં વિવિધ સેવાઓ આપી ચુકયા છે. એટલું જ નહીં તેઓ સારા દાતા પણ છે અને વિદ્યાર્થીઓને પોતાને ઘેર વિનામુલ્યે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી રહયા છે.


જીતેન્દ્રભાઇ સમાજ સંગઠીત બને તે અને બધી સંસ્થાઓ એકમેકના સહકારથી કામ કરે તેવી વિચારસરણી ધરાવનારા છે. અમદાવાદની સંસ્થાઓ એક બનીને કામ કરતી જ હતી. પરંતુ ગીતા મંદિર વાળી સંસ્થામાં ગત ચુંટણીમાં ખેલાયેલા રાજકીય દાવપેચને કારણે કેટલીક સંસ્થાઓ વચ્ચે રાગદ્વેષ ઉભા થયા છે. ગીતા મંદિર સંસ્થાને ધર્મેન્દ્રભાઇ દેવળીયા જેવું યુવા નેતૃત્વ મળ્યું છે અને મણીનગરમાં પણ પ્રમુખ તરીકે ઉચ્ચ શિક્ષિત અને અનુભવી અને આધુનિક વિચારસરણી ધરાવે છે. ત્યારે આવતા દિવસોમાં અમદાવાદની તમામ સંસ્થા એક રાગથી કામ કરતી થશે તેવો આશાવાદ જાગ્યો છે. એટલું જ નહીં આપણા સમાજનું રાજયકક્ષાનું સંગઠનની ઉણપ હોવાને કારણે આપણો રાજકીય અવાજ પણ કયાંય સંભાળતો નથી. આવી પરિસ્થિતિમાં ગુજરાત કક્ષાનું આપણું સંગઠન ઇચ્છનીય છે. અમદાવાદના નેતૃત્વમાં રાજયકક્ષાનું સંગઠન થાય અને આપણો અવાજ મજબુત થાય તેવું થવું જોઇએ. આવુ થવાની આશા હવે જાગી છે. આ આશા પરિણામમાં પ્રર્વતતે તેવી વિશ્વકર્મા પ્રભુ પાસે પ્રાર્થના...

PDGajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# વિશ્વકર્મા પ્રભુજી મંદિર શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

## સુવર્ણ સિંહાસને બિરાજમાન દાદાનો દર્શન માતા કનકેશ્વરી દેવી અને પરમાત્માનંદજીના હસ્તે ખુલ્લા મુકાયા : સુવર્ણના મુખ્યદાતા પ્રવીણ અઘારા અને રમેશભાઇ તલસાણિયાનું સન્માન







રાજકોટના દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજી મંદિરના પ્રાણપ્રતિષ્ઠા થયે ૧૦૦ વર્ષ પુરા થતા હોઇ શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરની શતાબ્દી વર્ષની ઉજવણીની સાથોસાથ વિશ્વકર્મા જયંતીની ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ભાવભીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. શતાબ્દી મહોત્સવ નિમિત્તે દાદાને સુવર્ણ સિંહાસને બિરાજમાન કરી દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. ૩ દિવસના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ૩ દિવસીય યજ્ઞ અને વિશ્વકર્મા જયંતીના દિવસે વિશ્વકર્મા દાદાની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. વિશ્વકર્મા જયંતી અવસરે વિશ્વકર્મા જયંતીની પૂર્વ સંધ્યાએ રેસકોર્સમાં ઉભા કરાયેલ વિશ્વકર્મા ધામમાં શ્રી વિશ્વકર્મા પ્રભુજીના દશાવતાર ઝાંખી દર્શન હજારો લોકોએ કર્યા. વિશ્વકર્મા જયંતીના દિવસે સવારે દાદાની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જયારે બપોર બાદ શોભાયાત્રા તેમજ વિશ્વકર્મા ધામમાં ૧૦૮ કુંડી યજ્ઞ, સમુહ લગ્ન, જ્ઞાતિ સમુહ ભોજન અને દાતાશ્રીઓનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. વિશ્વકર્મા જયંતી મહોત્સવની ઉજવણીની સાથોસાથ ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ રાજકીય મહાનુભાવો ઉપરાંત બહારગામના મહાનુભાવોએ લઇને ધન્યતા અનુભવી હતી.

# વિશ્વકર્મા ભગવાન સ્વયં વિશ્વ છે : શ્રી મા કનકેશ્વરી દેવીજી

## દાદાની મૂર્તિના કપાળમાં ત્રીજી આંખ છે : સ્વામી પરમાત્માનંદજી

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિના ભાગરૂપે ત્રિદિવસીય ઉત્સવના આયોજનમાં આ વર્ષે શતાબ્દી વર્ષ ઉજવણી રૂપે ઉજવાય રહયું છે. આ મહોત્સવમાં તા. ૧-૨-૨૦૨૩ બુધવારના રોજ વિશ્વકર્મા મંદિર ખાતે શ્રી વિશ્વકર્મા પ્રભુજીને સૂવર્ણ સિંહાસન અર્પણ સહદર્શન પ્રસંગ ત્રિદિવસીય શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે સવારથી દાદાના સાનિધ્યમાં વિશ્વકર્મા હવનનો પ્રારંભ થયો. યજમાન તરીકે કારોબારી સભ્યો બિરાજમાન હતા. સાથોસાથ વિશ્વકર્મા પ્રભુજીને સુવર્ણ સિંહાસને બીરાજમાન કરવામાં આવ્યા બાદ દર્શન ખુલ્લા



મુકવામાં આવ્યા હતા.

આ સુવર્ણ સિંહાસન અર્પણ પ્રસંગે પ. પૂ.સ્વામી પરમાનંદ સરસ્વતીજી અધ્યક્ષ આર્ય વિદ્યા મંદિર - રાજકોટ તેમજ પૂ.માં શ્રી કનકેશ્વરી દેવીજી - શ્રી ખોખરા હનુમાનજી ધામ મોરબીના શુભ વરદ હસ્તે તેમજ સૂવર્ણના મુખ્ય દાતા શ્રી પ્રવીણભાઈ જેરામભાઈ અઘારા તથા શ્રી રમેશભાઈ અંબારામભાઈ તલસાણીયા - અમદાવાદ ની મુખ્ય ઉપસ્થિતી વચ્ચે શાસ્ત્રીજી કૌશિકભાઈ દ્વારા વિશ્વકર્મા દાદાની મૂર્તિની પૂજા, આરતી કરવી. મંત્રોચાર સાથે દાદાના સૂવર્ણ સિંહાસનને દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.



આ સાથે વિશ્વકર્મા મંદિરની દાદાની મૂર્તિ પ્રતિષ્ઠાને ૧૦૦ વર્ષ પૂરા થતા હોય પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યજ્ઞના ભાગ રૂપે ત્રિદિવસીય યજ્ઞનો પ્રારંભ વિશ્વકર્મા મંદિરના સત્સંગ હોલમાં કરવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે ઉપસ્થિત સ્વામી પરમાનંદ સરસ્વતીજીએ જ્ઞાતિજનોને આશિર્વચન પાઠવતા જણાવ્યું હતું કે વિશ્વકર્મા દાદાની મૂર્તિ કપાળમાં ત્રીજી આંખ છે. આ ત્રીજી આંખ એટલે એમ કહી શકાય છે. બે આંખથી દેખાય એનાથી વધારે આપણી બુદ્ધિને ત્રીજી આંખ કહેવાય છે. કનકેશ્વરી માતાજીએ પોતાના આશિર્વચનમાં કહ્યું હતું કે વિશ્વ વિશ્વકર્મા ભગવાને બનાવ્યું તે સત્ય છે વિશ્વકર્મા ભગવાન એ સ્વ્યમ વિશ્વ છે. આ પ્રસંગે સ્વામીજી પરમાનંદજી, કનકેશ્વરી દેવીજી,તેમજ સૂવર્ણ સિંહાસન ના મુખ્ય દાતાશ્રીઓ શ્રી પ્રવીણભાઈ જેરામભાઈ અઘારા, શ્રી રમેશભાઈ અંબરામભાઈ તલસાણીયા- અમદાવાદ, રમણીકભાઇ અંબાસણા,પરેશભાઈ સુથાર તથા હિતેશભાઈ ગજ્જર તમામનું જ્ઞાતિના પ્રમુખ રસિકભાઈ બદ્રકીયા તથા અધ્યક્ષ મુકેશભાઈ વડગામા એ ખેસ તથા સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સુવર્ણ ધ્વજા ધ્વજ દંડ અને કળશનું પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, હિનાબેન રસીકભાઇ બદ્રકિયા અને ક્રિષા રસીકભાઇ બદ્રકિયાએ શાસ્ત્રોકત વિધીથી પુજન કર્યા બાદ તેનું આરોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રામ અને કૃષ્ણના મંદિરના સિંહાસન પણ સુવર્ણ જડિત કરવાની જાહેરાત થઇ. શ્રી પ્રવીણ અઘારા આ માટે ૫૦ ગ્રામ સુવર્ણદાન આપશે.

### શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની પૂર્વ સંધ્યાએ

# શ્રી વિશ્વકર્મા પ્રભુજીના દશાવતાર ઝાંખી દર્શન કરવા સમગ્ર સમાજ ઉમટી પડયો

## વિશ્વકર્મા પ્રભુજીના દશ અવતાર કાર્ય સ્ટેજ પર જીવંત રજુ થયુ

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ચાલી રહેલ શતાબ્દી વર્ષની ત્રિદિવસીય ઉજવણીના અનુસંધાને ઉજવણીના બીજા દિવસે રેસકોર્સમાં તૈયાર કરાયેલ વિશ્વકર્મા ધામમાં વિશ્વકર્મા જયંતીની પૂર્વ સંધ્યાએ દિનેશ ગજજર લીખીત અને જયંત ગજજરના ગીત સંગીત સાથે શ્રી સાંઇ આર્ટના રાકેશ કડીયા અને તેમના ગ્રુપના ૪૫ કલાકારો દ્વારા શ્રી વિશ્વકર્મા પ્રભુજીના દશાવતારની ઝાંખી કરાવતો કાર્યક્રમ હજારો લોકોએ માણ્યો હતો. પ્રથમ વખત રજુ થયેલ કાર્યક્રમને સમગ્ર સમાજે જય વિશ્વકર્માના જયઘોષ સાથે વધાવી લીધો હતો.




રાત્રીના નવેક વાગ્યાના સુમારે ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને વિવિધ સંસ્થાના હોદેદારોના હસ્તે દીપ પ્રાગટય થયા બાદ રજુ થયેલ કાર્યક્રમમાં વિશ્વકર્મા પ્રભુજીના દશ અવતારો વિરાટ વિશ્વકર્મા, ભૂમાદેવ વિશ્વકર્મા, પ્રભાસ વસુના પુત્ર ત્વષ્ટા વિશ્વકર્મા, કશ્યપ ૠષીના પુત્ર ત્વષ્ટા વિશ્વકર્મા, દેવશીલ્પી વિશ્વકર્મા, જગતગુરૂ શ્રી કૃષ્ણના વિશ્વકર્મા, તિલોતમાના સર્જક વિશ્વકર્મા, પાતાળલોકના વિશ્વકર્મા, પ્રજાપતિ વિશ્વકર્મા, અને અંગીરાવંશી વિશ્વકર્મા એમ દશેય અવતારના કાર્યને સ્ટેજ પર જીવંત રજુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે દશેય અવતારોનું હોદ્દેદારો ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો દ્વારા પુજન કરવમાં આવ્યા બાદ જયંત ગજજર અને દિનેશ ગજજરે વિશ્વકર્મા ગાન રજુ કરાયું હતું. અને બાદમાં આરતી કરવામાં આવી હતી. આરતી સમયે હજારો લોકોએ મોબાઇલ લાઇટથી આરતી ઉતારી હતી ત્યારે અદભુત દૃશ્ય ઉભુ થયું હતું.

શ્રી વિશ્વકર્મા પ્રભુજીના દશાવતાર ઝાંખી દર્શનના લેખક દિનેશ ગજજરે પ્રાસંગીક ઉદબોધનમાં કહયુ કે, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર દ્વારા બચુભાઇ વડગામા લીખીત ભૂમા પુરાણ ભેટ મળ્યું હતું. ૨૦૧૮માં મળેલ ભેટ પુસ્તક વાંચ્યા બાદ સંકલ્પ કર્યો હતો કે, વિશ્વકર્મા પ્રભુના દશેય અવતારને નાટયરૂપાંતર કરીને સ્ટેજ પર ભજવ્યું. આજે ૨૦૨૩માં આ સંકલ્પ પુરો થયો છે. આ પ્રથમ પ્રયાસમાં ૧૦ થી ૧૫ ટકા ખામી રહી ગઇ હોય તો ક્ષમ્ય કરવા પણ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમ બાદ દિગ્દર્શક રાકેશ કડીયા સહિતના ૪૫ કલાકારોની ઓળખ આપી તમામને અભિનંદન આપ્યા હતા. આયોજનને સફળ બનાવવા હોદ્દેદારો, સભ્યોએ જહેમત ઉઠાવી હતી. વિશ્વકર્મા જયંતિએ વિશ્વકર્મા વિશ્વના પ્રવેશને આવકારી સમાજ વતી શુભેચ્છા અપાઇ હતી. કાર્યક્રમનું સંચાલન નીતિન બદ્રકિયાએ કર્યું હતું.

# વિશ્વકર્મા જયંતીની અનેરી ઉજવણી : સમુહયજ્ઞ, શોભાયાત્રા, દાતાઓનું સન્માન યોજાયુ

## દાતાઓ અને યતિ શ્રી બ્રહ્મદેવજીના હસ્તે નવદંપતિઓને ચાંદલો અર્પણ કરાયો







### શોભાયાત્રાનં રાજમાર્ગો પર ભવ્ય સ્વાગત કરાયુ

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શતાબ્દી મહોત્સવ અને વિશ્વકર્મા જયંતી મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજારો લોકોએ ઉપસ્થિત રહીને જય વિશ્વકર્માનો જયઘોષ કર્યો હતો.

મંદિરની પ્રાણપ્રતિષ્ઠાને ૧૦૦ વર્ષ પુરા થયા હોય પુનઃ પ્રાણપ્રતિષ્ઠા અંતગર્ત યોજાયેલ ત્રિદિવસીય યજ્ઞની વિશ્વકર્મા જયંતીએ પુર્ણાહુતિ થઇ હતી. જ્ઞાતિના હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોએ યજમાન પદે બિરાજી યજ્ઞ કાર્ય કર્યું હતું. વિશ્વકર્મા જયંતીના દિવસે વિશ્વકર્મા પ્રભુજીની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામાના હસ્તે થઇ. શાસ્ત્રી શ્રી



### મહંત જેન્તીરામબાપાએ કન્યાઓને સાડીનો પ્રસાદ આપી આશીર્વાદ આપ્યો

કૌશિકભાઇ અનંતરાય ત્રિવેદીના હસ્તે થયેલ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠામાં મંદિરમાં 'દાદા' પ્રત્યક્ષ બિરાજમાન થયા હોવાની અનુભૂતિ સૌને થઇ હતી. બપોરે દર્શન આરતીમાં હજારો લોકો ઉમટી પડયા હતા.

બપોરબાદ પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ વિશ્વકર્મા જયંતી નિમિત્તે શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બપોરબાદ બે વાગ્યાના સુમારે ભકિતનગર સોસાયટી ખાતે આવેલ ધારેશ્વર મંદિરથી શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. ગીત-સંગીત અને ડી.જે.ના તાલ સાથે યુવાનો અને યુવતીઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

# ધારાસભ્યો રમેશ ટીલાળા, દર્શીતાબેન શાહ, મેયર પ્રદીપ ડવ સહિતના રાજકીય આગેવાનોએ આયોજન બિરદાવ્યું







શોભાયાત્રામાં દાદાને મુખ્ય રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. શોભાયાત્રામાં વિવિધ પરિવાર દ્વારા એક એકથી ચડીયાતા ફલોટ રજુ કરવામાં આવ્યા હતા. ધુનમંડળના ભાઇઓ અને બહેનોએ ભકિતરસની છોળો ઉડાવી હતી. શોભાયાત્રા કાંતા વિકાસગૃહ ચોકમાં પહોંચી હતી. જયાં શ્રી વિશ્વકર્મા યુવા ગૃપના ધર્મેન્દ્ર છનીયારા અને સાથીદારોએ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવાનું આયોજન થયું હતું. વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો સમાજના યુવા ઉદ્યોગપતિઓ દ્વારા દાદાના રથને ફુલહાર કર્યા.

રેસકોર્સમાં ૧૦૮ કુંડી યજ્ઞની પણ બપોરે પુર્ણાહુતિ થઇ હતી. વિશ્વકર્મા ધામ ખાતે સમુહ લગ્ન યોજાયા જેમાં ૧૬ દંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા તા. દરેક નવદંપતિઓને પરમ પૂજય યતિ શ્રી બ્રહમદેવજી મહારાજે (કુવાડવા) આશીર્વાદ આપ્યા હતા. મુખ્ય યજમાનો કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, જયુભાઇ તલસાણિયા, હિતેષભાઇ તલસાણિયા, ધનજીભાઇ પંચાસરા, કુમારભાઇ પંચાસરા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા તથા ટ્રસ્ટીઓ-કારોબારી સદસ્યોના હસ્તે નવદંપતિઓને મંદિર તરફથી ચાંદલો અર્પણ કરવામાં આવ્યો હતો.

સાંજના સમયે વિશ્વકર્મા ધામમાં રમેશ પારેખ રંગમંચ પર સ્ટેજ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તમામ નવદંપતિઓને ધુનડાના સત્પુરણધામ આશ્રયના મહંત સંત શ્રી જેન્તીરામબાપાએ આર્શીવચન આપી કન્યાઓને સાડી અર્પણ કરી હતી. મુંબઇના શ્રી નાગજીભાઇ ગરવલીયા અને પ્રમુખ તથા અધ્યક્ષ સાથે રહયા હતા. સંત જેન્તીબાપાએ આર્શીવચન પણ આપ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા, દર્શીતાબેન શાહ, મેયર શ્રી પ્રદીપભાઇ ડવ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલનું પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને અધ્યક્ષ મુકેશભાઇ વડગામાએ ખેસ પહેરાવી શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

સ્વાગત પ્રવચનમાં રસીકભાઇ બદ્રકિયાએ કહયુ કે, રાજકોટને આંગણે વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં દાદાને સુવર્ણ સિંહાસને બિરાજી પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. આજનો દિવસ જ્ઞાતિના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. દાદાના સુવર્ણ સિંહાસન માટે સ્વૈચ્છિક સુવર્ણદાન મળ્યું છે. કોઇ પાસે દાન લેવા જવુ પડયું નથી. આ ઐતિહાસિક ઘટના છે. હવે રાધાકૃષ્ણ અને રામજી મંદિર પણ સુવર્ણ થશે. સુવર્ણદાન આપનાર તેમજ અન્ય દાન આપનાર દાતાઓ પ્રત્યે પણ તેમણે આભાસી લાગણી પ્રદર્શીત કરી હતી.

ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, મેયર પ્રદિપભાઇ ડવ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં આયોજનને બિરદાવી કહયું હતું કે રાજકોટના ઔદ્યોગિક વિકાસમાં સિંહફાળો છે જ પણ સમાજ કાર્યમાં સેવાકીય કાર્યમાં પણ આગળ છે. સમાજ દિનપ્રતિદિન ઉન્નત બને તેવી શુભેચ્છા પણ વ્યકત કરી હતી.

આ પ્રસંગે સુવર્ણદાન આપનાર ૧૪૦ જેટલા દાતા અને અન્ય કાર્યમાં દાન આપનાર દાતાઓનું સ્ટેજ પર બિરાજમાન હોદ્દેદારો-કારોબારી સભ્યોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતુ. જેમાં શ્રી અમૃતલાલ ખીમજીભાઇ ભારદીયા, જગદીશભાઇ ખીમજીભાઇ ભારદીયા, અમદાવાદના હસમુખભાઇ પનારા, જયભાઇ તલસાણિયા, મુકેશભાઇ અને મહેન્દ્રભાઇ પંચાસરા, ચંદ્રાંતભાઇ પંચાસરા, મુકેશભાઇ ભાડેશીયા વગરેનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે એસ.વી. ન્યુઝના ઉમેશ ગજજર, બિપીન જાદવાણી(વિશ્વકર્મા વંશજ) તથા રોહિત સુરેલિયા(ગજાનન સ્ટુડિયો)નું પણ સન્માન કરાયું હતું.

વિશ્વકર્મા પ્રભુજી મંદિર ખાતે તેમજ વિશ્વકર્માધામ ખાતે રકતદાન કેમ્પ યોજાયા હતા. જેમાં ૫૦૧ જેટલી બોટલ રકતદાન થયું હતું.

દાતાઓના સન્માનના કાર્યક્રમ બાદ વિશ્વકર્મા ધામમાં ઉભા કરાયેલ વિવિધ ભોજનકક્ષમાં સમુહ પ્રસાદન ભોજનનું આયોજન



કરવામાં આવ્યું હતું. ભોજન સમયે ગીર્દી ન થાય તે માટે અલગ અલગ વિભાગો રાખવામાં આવ્યા હતા. મહેમાનો-દાતાઓ માટે ભોજન પ્રસાદની અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજનનાં બે જાતના મીષ્ટાન, ફરસાણ સહિતની વિવિધ વાનગીઓ રાખવામાં આવી હતી. જેનો સમગ્ર સમાજે લાભ લીધો હતો.

આયોજનને સફળ બનાવવા પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, સહમંત્રી ગોરધનભાઇ ચાંપાનેરા, ટ્રસ્ટીઓ મુકેશભાઇ વડગામા, વિનયભાઇ તલસાણિયા, દિનેશભાઇ ખંભાયતા, કારોબારી સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ ખંભાયતા, હરીભાઇ સીનરોજા, દિલીપભાઇ પંચાસરા, શાંતિભાઇ સાંકડેચા, મિતેષભાઇ ધ્રાંગધરિયા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બોરાણીયા, કેતનભાઇ મહીધરીયા, ઘનશ્યામભાઇ દુદકીયા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ તેમજ ૪૫૦ જેટલા કાર્યકરો તેમજ ૧૫૦ જેટલી મહિલા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનુ સંચાલન નીતિનભાઇ બદ્રકિયા અને મંત્રી પ્રદિપભાઇ કરગથરાએ કર્યું હતું.

**દ્વિ-દશાબ્દી વર્ષના અવસરે**

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પ્રવીણ ગજજરનુ વિશિષ્ટ સન્માન

## પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને અધ્યક્ષ મુકેશભાઇ વડગામાના હસ્તે બહુમાન

કલા કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા એકમાત્ર મલ્ટીમીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વનો વિશ્વકર્મા જયંતીના દિવસે ૨૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજરનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.



ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા રેસકોર્સના ગ્રાઉન્ડમાં ઉભા કરાયેલ વિશ્વકર્મા ધામમાં ઉપસ્થિત મહાનુભાવો અને હજારો જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામાએ વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજરને શાલ ઓઢાડી, બુકે અર્પણ કરીને આ વિશિષ્ટ સન્માન કર્યું હતું. મંત્રી પ્રદીપ કરગથરા પણ સાથે રહયા હતા.

આ પ્રસંગે લેખક, શિક્ષક અને ઉદઘોષક શ્રી નટવર આહલપરાએ પ્રાસંગીક ઉદબોધનમાં સમાજના અરીસા સમાન મેગેઝીન વિશ્વકર્મા વિશ્વના માધ્યમ દ્વારા કલા-કારીગરી અને કૌશલ્ય ઉજાગર કઇ રીતે જાય છે અને સમજના વિકાસમાં મીડિયા કઇ રીતે ઉપયોગી થાય છે. તેની વાત કરી હતી. વિશ્વકર્મા વિશ્વ અને તેની ડીઝીટલ આવૃત્તિ દ્વારા દેશ-વિદેશમાં સમાજોની ગતિવિધીથી સૌ માહિતગાર થાય છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ વિશ્વકર્મા વિશ્વના મહત્વના યોગદાનની પ્રસંશા કરી તેમણે વિશ્વકર્મા વિશ્વના ૨૦માં વર્ષના પ્રવેશને આવકાર્યું હતું.

# વિશ્વકર્મા વિશ્વનો ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ

## વિશ્વકર્મા જયંતિ વિશેષાંકનું મહાનુભાવો દ્વારા વિમોચન



રાજકોટથી રમ્ય પબ્લીકેશન દ્વારા પ્રસિદ્ધ થતા કલા-કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા એક માત્ર મલ્ટીમીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વનો ૨૦ વર્ષમાં પ્રવેશ થઇ રહયો છે.

૨૦૦૪માં પૂ. મોરારિબાપુના વરદ હસ્તે વિશ્વકર્મા વિશ્વનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે પૂ. મોરારિબાપુએ આર્શીવચન આપતા કહયું હતું કે વિશ્વકર્મા વિશ્વ વડે સમાજ અને વિશ્વ એક અને નેક બને પૂ. મોરારિબાપુના આશીર્વચન ફળ્યા છે. દેશ-વિદેશના લોકોના હૃદય આજે વિશ્વકર્મા વિશ્વએ જીતી લીધા છે. અને દેશ અને વિદેશના સમાજોને એક તાંતણે લાવ્યા છે.

વિશ્વકર્મા વિશ્વએ આટલા સમયમાં ઉંચી ઉડાન ભરી છે. છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કોરોના, આર્થિક મંદી અને ઉત્પાદન પ્રક્રિયામાં અનેક ગણા ભાવ વધારાને કારણે પ્રિન્ટ મીડિયા ભયંકર આર્થિક કટોકટીનો સામનો કરી રહયું છે. કેટલાક રાષ્ટ્રીય કક્ષાના મેગેઝીનો પણ બંધ થઇ ગયા છે. આવી પરિસ્થિતિમાં વિશ્વકર્મા વિશ્વ ટકી રહયું છે અને વિશ્વકર્મા જયંતીના પાવન દિને ૨૦માં વર્ષમાં પ્રવેશ કરી ચુકયું છે. પ્રારંભ થતા દ્વી-દશાબ્દી વર્ષ દરમ્યાન વિવિધ પ્રકાશનો કરવા સહિતનું આયોજન છે.

વિશ્વકર્મા વિશ્વની આ સફરમાં સાથ અને સહકાર આપનાર લેખકો-વિજ્ઞાપન દાતાઓ અને સમાજ અને મીડિયાનો પણ આ પ્રસંગે તંત્રી પ્રવીણ ગજજરે આભારની લાગણી વ્યક્ત કરી છે.

વિશ્વકર્મા વિશ્વની ડીઝીટલ આવૃત્તિ આજે દેશ-વિદેશના દોઢેક લાખ સુધી પહોંચી છે. 'વિશ્વકર્મા વિશ્વ ન્યુઝ ટુડે' અને 'ગુજરાત ૩૬૦' નામના સોશ્યલ મીડિયા દ્વારા દોઢેક લાખ સુધી સમાચાર પહોંચે છે. વિશ્વકર્મા વિશ્વ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ વિશ્વકર્મા જયંતી વિશેષાંક પ્રસિદ્ધ થયો છે. દાદાના સાંનિધ્યમાં વિશ્વકર્મા વિશ્વનું પુજન અર્ચન થયા બાદ શાસ્ત્રીજી કૌશિકભાઇ ત્રિવેદીના હસ્તે વિશ્વકર્મા વિશ્વના વિશ્વકર્મા જયંતી અંકનું વિમોચન કરાયું હતું. ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, તંત્રી પ્રવીણ ગજજર, રમેશભાઇ વાઘસણા પણ વિમોચનમાં સાથે રહયા હતા.

વિશ્વકર્મા વિશ્વનું લવાજમ પેટીએમ, ગુગલ પે દ્વારા પણ સ્વીકારાય છે. મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરાય છે. વિશ્વકર્મા વિશ્વનો મોબાઇલ તેમજ www.vishwakarmavishwa.com પર ઓનલાઇન પણ લવાજમ ભરી શકાય છે.

સંપર્ક : રમ્ય પબ્લિકેશન, ૩૨૦-હીરાપન્ના, યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.

# ભાવનગરમાં શ્રી વિશ્વકર્મા દાદાની જન્મ જયંતીએ સમુહ લગ્ન તથા બ્લડ કેમ્પ યોજાયો







શ્રી ભાવનગર સમસ્ત ગુર્જર સુથાર જ્ઞાતી ટ્રસ્ટ એ-૧૪૮-ભાવનગર આયોજીત શ્રી વિશ્વકર્માઁ દાદાની જન્મ જંયતી તથા ગુર્જર સુથાર જ્ઞાતીબંધુઓના યુવક/યુવતીઓના સમુહ લગ્નનુ આયોજન તારીખ-૩-૨-૨૦૨૩-મહા સુદ તેરસ શુક્રવારના રોજ શ્રી વિશ્વકર્મા બાગ કાળીયાબીડ ભાવનગર ખાતે કરવામાં આવેલ આજ દિવસે એક બ્લડ ડોનેટ કેમ્પનુ આયોજન કરેલ અને આપણી જ્ઞાતીબંધુઓના યુવક/યુવતીના બાયોડેટા એકત્રીત કરવા માટે એક ગુર્જર સુથાર યુવક/યુવતી પરીચય ગ્રુપ દ્વારા એક કાઉન્ટર પણ મુકવા મા આવેલ આ સમગ્ર કાર્યક્રમ મા આપણી જ્ઞાતીના આગેવાનો વડીલો /યુવાન મિત્રો/ ભાઇઓ તથા બહેનો ખુબજ બહોળી સંખ્યામા ઉપસ્થિત રહેલ અને શાંન્તી મય વાતાવરણ વચ્ચે સમુહ મા શ્રી વિશ્વકર્મા દાદાની આરતીનુ આયોજન કરેલ.

આ શુભ પ્રસંગ મા ભાવનગર ના ધારાસભ્ય શ્રી અને પુર્વ શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ પણ હાજરી આપી નવયુગલ નવદંપતી ને આશીર્વાદ આપેલ અને આપણા સમાજ દ્વારા આવુ સરસ આયોજન કરવા બદલ સૌ જ્ઞાતીબંધુઓને અંભિનંદન પાઠવેલ. આ શુભ પ્રસંગે આપણી ગુર્જર સુથાર જ્ઞાતીબંધુઓના પરીવાર સહ સૌએ સાથે મળી પ્રભુ પ્રસાદ નો લાભ લીધેલ. આ સમગ્ર કાર્યક્રમ આપણી ગુર્જર સુથાર જ્ઞાતીબંધુઓના સાથ સહકારથી ખુબજ સરસ રીતે સફળતા પુર્વક યોજાયેલ આવી રીતે હર હંમેશ આવા યોજાતા જ્ઞાતી ના ઉત્સવ મા આપ સૌનો સહકાર મળશે તવી આપ સૌની પાસે અપેક્ષા સહ આપ સૌ જ્ઞાતીબંધુઓનો આભાર.

**અહેવાલ : પ્રમુખ શ્રી અતુલભાઈ જાદવાણી, ભાવનગર**

# જામનગરમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી : ૭ હજાર લોકોએ પ્રસાદ લીધો

## વિવિધ ક્ષેત્રના લોકોને જ્ઞાતિ રત્ન એવોર્ડ

● ડો. હિમાંશુ આમરણીયા








તા. ૦૩-૦૨-૨૦૨૩ના રોજ ઇષ્ટદેવ શ્રી વિશ્વકર્મા મંદિરની જગ્યામાં ૮૩મો શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ-૨૦૨૩, મહાસુદ-૧૩, શુક્રવારના રોજ ઉજવવામાં આવ્યો જેમાં સવારથી મંગળા આરતી, હવન કાર્ય, સભામાં જ્ઞાતિના વિકાસની માહિતી, જ્ઞાતિરત્ન સન્માન, ત્યારબાદ આરતીનો ડ્રો અને સમુહભોજનનો મહાપ્રસાદની વ્યવસ્થા કરેલ હતી.

આ મહોત્સવની શ્રી મહેશભાઇ પી. અંબાસણાને અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ. જેમાં સવારની મંગળા આરતીમાં સર્વે જ્ઞાતિબંધુઓએ લાભ લીધે, ત્યારબાદ શ્રી વિશ્વકર્મા મંદિરના હવનમાં નિલેશભાઇ ખારેચા તથા વિજયભાઇ બકરાણિયાએ વિધીપૂર્વક કાર્ય કરેલ અને શ્રી લક્ષ્મીનારાયણ મંદિરે પણ હવન કાર્ય યોજાયેલ હતું.

ત્યારબાદ મહોત્સવની સભામાં સર્વેનું સ્વાગત પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ કરેલ અને જ્ઞાતિના વિકાસની માહિતી ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા(દિલીપમામા)એ આપેલ, આ સભામાં જ્ઞાતિની સેવામાં કાર્યરત જ્ઞાતિજનોનું 'જ્ઞાતિરત્ન' સર્ટીફીકેટથી સન્માન કરવામાં આવેલ, જેમાં યુવક મંડળ પ્રમુખ વિમલભાઇ ગોરેચા તથા યુવક મંડળના તમામ હોદ્દેદારો અને તમામ સભ્યોનું સન્માન કરવામાં આવેલ તથા સહયોગીઓ રામભાઇ પેશાવરીયા, નરેન્દ્રભાઇ વાલંભીયા, મુકેશભાઇ વાલંભીયા, સર્વિસ ગ્રુપના ઇજ્યાપતિભાઇ વડગામા, સુરેશભાઇ વડગામાનું જ્ઞાતિરત્નથી સન્માન કરવામાં આવેલ તથા પ્રવીણભાઇ વડગામાએ સાઇકલ મેરેથોનમાં ગોલ્ડ મેડલ મેળવ્યા બદલ શાલથી સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં આમંત્રણને ખાસ માન આપીને ધારાસભ્યો તેમજ પી.આઇ. ગજ્જર સાહેબ જ્ઞાતિજનોને શુભેચ્છા આપવા ખાસ પધારેલ. તેઓશ્રીનું કમિટીના હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવેલ.

ત્યારબાદ બન્ને મંદિરોની આરતીનો ડ્રો કરવામાં આવેલ જેમાં શ્રી વિશ્વકર્મા મંદિરે શ્રી બિમલભાઇ બાબુભાઇ બકરાણીયા તથા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરે રાજેશભાઇ દેવરાજભાઇ ભારદીયાને આરતીનો લાભ મળેલ. આશરે ૭,૦૦૦ જ્ઞાતિજનોએ વર્ષોની પ્રણાલિકા મુજબનો મહાપ્રસાદ લીધેલ.

આ મહોત્સવમાં જ્ઞાતિજનો દ્વારા રૂા. ૭,૦૦,૦૦૦(અંકે રૂપિયા સાત લાખ)નો ફાળો જ્ઞાતિને મળેલ છે.

આ મહોત્સવને શરૂઆતથી અંત સુધી ખંતપૂર્વક નિયામક સમિતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા(દિલીપ મામા), ટ્રસ્ટી અશોકભાઇ આમરણીયા તથા કાર્યવાહક સમિતિના પ્રમુખ ભરતભાઇ વડગામા, ઉપપ્રમુખ નિલેશભાઇ ખારેચા, મંત્રી ડો. હિમાંશુભાઇ આમરણીયા, સહમંત્રી રાજેશભાઇ જી. ભારદીયા, ખજાનચી નિલેશભાઇ ઇસલાણીયા, સભ્યશ્રીઓ કમલેશભાઇ પીસાવાડીયા, જેન્તીભાઇ પીસાવાડીયા, સુરેશભાઇ ભારદીયા, કિશોરભાઇ ગોરેચા, નરેશભાઇ વિશરોલીયા, રાજેશભાઇ અંબાસણ, વિજયભાઇ બકરાણીયા,





નિશાંતભાઇ ભારદીયા, પ્રમોદભાઇ વિશરોલીયા, પ્રકાશભાઇ વડગામા, યુવક મંડળા પ્રમુખ વિમલભાઇ ગોરેચા, ઉપપ્રમુખ ભાવિનભાઇ બોરાણીયા, ખજાનચી વિમલભાઇ અખીયાણીયા, મંત્રી ચેતનભાઇ વડગામા, સહમંત્રી પ્રશાંતભાઇ અઘેડા તથા સર્વે સભ્યશ્રીઓ, મહિલા મંડળના પ્રમુખ કુંદનબેન આમરણીયા, ઉપપ્રમુખ ગીતાબેન અઘેડા, મંત્રી ભાવનાબેન વઘાડીયા, સહમંત્રી મિતલબેન આમરણીયા, ખજાનચી જાગૃતિબેન પેશાવરીયા, સાં.મંત્રી નિલાબેન ગોરેચા તથા સભ્યશ્રીઓ, સર્વિસ ગ્રુપના પ્રમુખ નિલેશભાઇ વડગામા, ઉપપ્રમુખ ડો. હિમાંશુભાઇ આમરણીયા, મંત્રી વિશાલભાઇ બદ્રકિયા, સહમંત્રી કિરણબેન અનુવાડીયા, ખજાનચી ચિરાગભાઇ સચાણીયા તથા જ્ઞાતિ સહયોગીઓએ જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા(દિલીપમામા), મંત્રી ડો. હિમાંશુભાઇ આમરણીયા, સભ્ય કિશોરભાઇ ગોરેચા, સહયોગી ભરતભાઇ ભારદીયા, તથા ઓડિયો સિસ્ટમ, ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી સભ્યશ્રી કમલેશભાઇ પીસાવાડીયાએ સંભાળેલ.

# હિતેશ સીનરોજા લીખીત ગીત યુટયુબ પર લોન્ચ






શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ આયોજીત શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ અંતર્ગત શ્રી વિશ્વકર્મા પ્રભુજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા હોય તે અનુસંધાને શતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવેલ. આ શતાબ્દી વર્ષ નિમિત્તે રાજકોટના નાટય લેખક-દિગ્દર્શક-કલાકાર હિતેશ સીનરોજા અને જાણીતા ગાયક કલાકાર મૌલિક ગજજર (પંચાસરા) દ્વારા એક શતાબ્દી મહોત્સવ ગીતનું રેકોર્ડીંગ કરીને તેનું સુંદર મજાનું વીડિયો શુટીંગ શ્રી વિશ્વકર્મા મંદિરમાં કરવામાં આવેલ. આ ગીતની રચના અને દિગ્દર્શન હિતેશ સીનરોજાએ કરેલ અને સ્વર મૌલિક પંચાસરા અને દિપ્સી ગજજરે (પંચાસરા) આપેલ છે.

આ શતાબ્દી મહોત્સવ ગીતમાં મૌલિક ગજજર, દિપ્સી ગજજર, હરેશ તુરી, અમી બોસમિયા, ચાંદની ગજજર, મૈત્રી પિલોજપરા, કાજલ પટેલ, જહાન્વી દાવડા, શ્રુતિ ઉંગાર, શીતલ ગોસ્વામી, મનોજ ગોસ્વામી, ધ્યેય ગોસ્વામી, અલ્પેશ ટાંક, જય કોટક, વિરેન અંબાસણા અને અંકિત સાયાણીએ ભકિતભાવસભર અભિનય દ્વારા ગીતને નયન મનોહર બનાવેલ છે.

ગીતમાં સંગીત ભાર્ગવ ચાંગેલા, રેકોર્ડિંગ વ્યાસ બ્રધર્સ અને મંત્રરાજ સ્ટુડિયો, રેકોર્ડીસ્ટ-રવિ વ્યાસ, કેવિન પરમાર, મીકસીંગ અને માસ્ટરીંગ-નયન રાઠોડ, રીધમ-જીજ્ઞેશ ગોસ્વામી, આર્યન ઉપાધ્યાય અને યશ પંડયા, કેમેરામેન-સોહિલ ઠકકર અને ચેતન ટાંક, એડિટીંગ-સોહિલ ઠકકર, મેકઅપ-હરેશ તુરી, કોરિયોગ્રાફી-પપ્પુ ડાન્સર દ્વારા કરવામાં આવેલ છે.

આ ગીતને કંડારવા માટે વિજયભાઇ ઝાલેરા (અજન્તા સર્કલ), ઉમેશભાઇ ખંભાયતા (વિન્ડસેટ વિન્ડો સોલ્યુશન) અને મનિષભાઇ સિદ્ધપુરા (મહા વાસ્તુ આચાર્ય) તરફથી સહયોગ મળેલ હતો. તેમજ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ, શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર-રાજકોટ, શ્રી વિશ્વકર્મા મહિલા ધુન મંડળની બહેનોનો અને રાકેશ કડિયાનો પણ સુંદર ભકિતમય સહયોગ મળેલ હતો.

આ ગીતનો વિડીયો જોવા માટે યુટયુબ પર 'વિશ્વકર્મા શતાબ્દી મહોત્સવ સોંગ બાય મૌલિક ગજજર' સર્ચ કરો.

# મુંબઇ વિશ્વકર્મા બાગમાં વિશ્વકર્મા જયંતીની ધામધુમથી ઉજવણી


- હિરેન ગોવિંદીયા
- અલ્પા અનુવાડીયા








શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ મુંબઈ ખાતે તારીખ ૩/૨/૨૦૨૩ના રોજ વિશ્વકર્મા દાદાની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટ કમિટી ઉત્સવ કમિટી તેમજ કાર્યકર્તા ભાઈઓ અને બહેનોએ ઉજવણીની ભવ્ય તૈયારીઓ કરી હતી. જેમાં ઉત્સવ કમિટીના પ્રમુખ તરીકેની ફરજ સતીશભાઈ રામજીભાઈ સંચાણીયાએ, ઉપપ્રમુખ તરીકેની ફરજ દિલીપભાઈ દામજીભાઈ ધ્રાંગધરિયાએ અને ખજાનચી તરીકેની ફરજ સૂર્યકાંતભાઈ નારાયણભાઈ ભાડેશીયાએ બજાવી હતી. આ ત્રણેય હોદેદારોએ છેલ્લા ઘણાં વર્ષોથી વિશ્વકર્મા બાગ માટે કાર્યકર્તા તરીકે ઘણું યોગદાન આપ્યું છે. તેમના ઉમદાકાર્યની નોંધ લીધા બાદ તેમની નિમણુંક ઉત્સવ કમિટીના સભ્યો તરીકે કરવામાં આવી હતી. ''સૌનો સાથ સમાજનો વિકાસ''નું સૂત્ર સાકાર કરી બતાવ્યું હતું.

શ્રી વિશ્વકર્મા જયંતિ ઉત્સવની તૈયારી છેલ્લા એક દોઢ મહિનાથી ચાલતી હતી. અને ત્રણ તારીખની આતુરતા પૂર્વક રાહ જોવાતી હતી. અને વિશ્વકર્મા જયંતિના દિવસે સૂર્ય ઊગવાની સાથે જ બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર સાથે દાદાની પૂજાની શુભ શરૂઆત કરી લગભગ વીસેક જેટલા યજમાનોને પૂજામાં બેસવાનો લાભ મળ્યો હતો. અને પૂજનમાં સોનામાં સુગંધ ભળી જાય એવી વાત એટલે મુંબઇના એક પરિવાર તરફથી વિશ્વકર્મા દાદાની મૂર્તિ પરનું ખુબ સુંદર ચાંદીનું છત્તર ભેટમાં ધરવામાં આવ્યું હતું એટલે સાથે છત્તર પૂજન પણ કર્યું હતું અને ખરેખર માહોલ આનંદમય બની ગયો હતો. તેમજ મુંબઈ સમાજના પરેશભાઈ વ્રજલાલભાઈ ધ્રાંગધરિયા તરફથી દાદાના મંદિરની વુડન જાળી સજાવટ ભેટ આપવામાં આવી હતી. આવા જ દાતાઓ જો મન મૂકીને વરસે તો ખરેખર વિશ્વકર્મા બાગ ઘણો પ્રગતિ પામે પૂજા અર્ચના બાદ પાલખી યાત્રાનું આયોજન સન્યાસ આશ્રમથી












લઇને વિશ્વકર્મા બાગ સુધી ઢોલ અને શરણાઈના તાલે ભાવિક ભક્તો મન મૂકીને ગરબે ઘુમ્યા હતા. પાલખીની સજાવટ ખુબ સુંદર હતી જે પાલખી યાત્રાનું મુખ્ય આકર્ષણ હતું. બાગમાં અન્નકૂટ દર્શની તૈયારી કરતી બહેનો ય દાદાના મંદિર પાસે અનોખી સજાવટ કરી અન્નકૂટ દર્શન ખુબ આકર્ષિત બનાવ્યા હતા. પૂજા આરતી અન્નકૂટ દર્શન બાદ મહાપ્રસાદની વ્યવસ્થા પણ ખરેખર ખૂબ શિસ્તસભર હતી ભોજનનો જરા પણ બગાડ ના થાય એનું ખાસ ધ્યાન રાખતા કાર્યકર્તા ભાઈઓ અને બહેનોની મહેનત પણ રંગ લાવીને રસોડા વિભાગના કાર્યકર્તાઓએ પણ કોઈ પણ કચાશ વગર બધાજ ભક્તો સુધી મહાપ્રસાદ પહોચાડવાનું બીડું ઝડપ્યું હતું. ભોજન વિભાગનું ખાસ આયોજન એટલે વૃદ્ધો માટે ફાળવેલ અલગ વિભાગ જેમાં કાર્યકર્તા ભાઈઓ અને બહેનોએ વૃદ્ધોને કોઈ પણ તકલીફ ના પડે અને શાંતિથી જમી શકે એવી વ્યવસ્થા પૂરી પાડી હતી ભોજન સમારંભ બાદ મુખ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મંચ પાર્ટી કઈક અલગ જ રજૂઆત કરવાં માટે નાના નાના ભૂલકાઓ કાર્યક્રમનું કઈક નવલું નજરાણું લઈને આવ્યા હતા. એ જોઈને જ્ઞાતિજનો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. અને મુખ્ય કિરદાર નિભાવનાર કુશલ સમીરભાઈ અઘેરાને ખરેખર બિરદાવવાને લાયક હતા. કાર્યક્રમનું મુખ્ય સંચાલન મોનિકા ગોવિંદભાઈ સંચાણિયા અને વિરલ નાગજીભાઈ ઘરવલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હોલ ખુબ શોભાયમાન લાગતો હતો. એક બાજુ લવાજમ ભેટ અને અન્ય વિભાગ પણ રાખવામાં આવ્યા હતા. લવાજમ ભેટનું કાર્ય સાંભળનાર કાર્યકર્તા ભાઈઓ અને બહેનો એ આજના યુગની આગવી શૈલીથી એટલે કે ડિજિટલી ભેટ અને લવાજમ રસીદ આપી હતી. એ ખરેખર બિરદાવવાને લાયક કાર્ય હતું. મુખ્ય કાર્યક્રમની શરૂઆત થતાં જ માનવ મહેરામણએ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું હતું. અને નાના બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર એટલે ત્રીજે માળે ગોઠવેલ કાર્યક્રમ ત્યાં બધાજ બાળકો માટે રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળ વિભાગના કાર્યકર્તા શ્રી આરિશ ધનેશભાઈ સંચાનિયા એ બાળકો ને એટલો આનંદ કરાવ્યો કે બાળકોને મમ્મી પપ્પા કે ઘરની યાદ આવતી નહોતી. મુખ્ય હોલના મંચના મહોતાજ એવા વિરલ ભાઈ અને મોનિકા બહેન કાર્યક્રમને બખૂબી નિભાવ્યો હતો. ટ્રસ્ટ કમિટી અને ઉત્સવ કમિટીના સભ્યો દ્વારા દીપ પ્રાગટય કર્યા બાદ મુંબઇ ટ્રસ્ટ કમિટીના પ્રમુખ શ્રી આશિત ભાઈ ઘોરેચાએ ઉત્સવ કમિટીના પ્રમુખ શ્રી સતીશભાઈ સંચાણિયાને ટ્રસ્ટ કમિટીના ઉપપ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ અઘેડાએ ઉત્સવ કમિટીના ઉપપ્રમુખ શ્રી દિલીપભાઈ ધ્રાંગધરીયાને તેમજ ટ્રસ્ટ કમિટીના ખજાનચી શ્રી તુષારભાઈ ધ્રાંગધરીયાએ ઉત્સવ કમિટીના ખજાનચી શ્રી સૂર્યકાંતભાઇ ભાડેશિયાને પુષ્પ ગુચ્છ અને મોમેન્ટો આપી. સન્માનિત કર્યા હતા. ત્યારબાદ કોરોના કાળમાં જેમણે સૈનિક તરીકેની ભૂમિકા ભજવી હતી. એવા મુંબઈ સમાજના કોરોના યોધ્ધાઓને પણ બિરદાવવામાં આવ્યા હતા. જેમાં ડો. કિંજલબેન હરીશભાઈ વડગામા, ડો. પ્રતીક અશોકભાઈ વીસવાડીયા અને ડોક્ટર અજિંક્ય મનીષભાઈ બાવડેચાને પણ પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. એવાજ એક આદર્શ વ્યક્તિત્વ આશાબેન કાંતિલાલ બોરાણીયા જેમને શરીરમાં ફોસ્ફરસની ખુબજ કમી હોવાને કારણે શરીરના દરેક હાડકામાં સતત અસહ્ય દુખાવો હોય છે. તેમજ બેય પગમાં ઓપરેશન કરેલા છે અને osteomalacia નામના રોગની સામેની લડત લડી રહ્યા હોવા છતાં પણ ઘરે બેસીને આખા દિવસ દરમ્યાન લગભગ એંસી જેટલા વિદ્યાર્થીઓને ભણાવે છે. અને સમાજના કોઈપણ વિદ્યાર્થીને ભણતરમાં શિક્ષકની મદદ જોઈતી હોય તો તેમણે વિના મૂલ્યે ભણાવવાની તૈયારી દાખવી છે. અને ઉત્સવ કમિટી અને ટ્રસ્ટ કમિટીનો ખુબ આભાર માન્યો હતો.

**શોભા યાત્રા, પૂજન અને સાંસ્કૃતિક મનોરંજનથી લોકો પ્રભાવિત**

અને સચીવ શ્રી તુષારભાઈ કથ્રેચાએ પાર્લા હાલમાં બીજેપીના રાજેશભાઈ મહેતા અને શિવસેના શાખા પ્રમુખ સંજયભાઈ જાદવને બુકે આપી સન્માનિત કરેલ ઉત્સવ કમિટીમાં ઉપ પ્રમુખ તરીકેની ફરજ બજાવતા શ્રી દિલીપભાઈએ પણ કાર્યકર્તા ભાઈઓ અને બહેનોને એકતા અને ઉમંગથી કામ કરવા માટે પ્રેરિત કર્યા હતા અને ટ્રસ્ટ કમિટીનો આભાર માન્યો હતો. ટ્રસ્ટ કમિટીના પ્રમુખ શ્રી આશિતભાઈ ઘોરેચાએ પણ મંચ પરથી કાર્યક્રમને બિરદાવ્યો હતો અને ખજાનચી શ્રી તુષારભાઈએ કાર્યકર્તા ભાઈઓ

અને બહેનોને પોતાની આગવી શૈલી માં બિરદાવ્યા હતા જે ખરેખર કાર્યકર્તાઓના હૃદયને સ્પર્શ થાય એવી વાત હતી. તેમજ ફર્નિચર અને ફિટિંગ સ્કીલ કાઉન્સિલના CEO શ્રી રાહુલ ભાઈ મહેતાએ આપણા સમાજના ભાઈઓને ઉપયોગી થાય એવી ખુબ મહત્વની માહિતી આપી હતી. જે આપના ભાઈઓને પ્રગતિમાં પંથે લઈ જવામાં મદદરૂપ થશે માટે તેમનું સન્માન ટ્રસ્ટી શ્રી રસિકભાઈ વઘાડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે સાથે મુંબઈ ક્રિકેટ ટીમને મંચ પર બોલાવી અને પુષ્પગુચ્છ અર્પણ કરી આવનાર મીડ ડે કપ ટુર્નામેન્ટ માટે શુભેચ્છા આપવામાં આવી હતી. ટીમનું સુકાન સંભાળતા શ્રી ધર્મેશ અનુવાડીયા દ્વારા સ્વ. હરેન અનુવાડીયાને ખરા દિલથી યાદ કરી અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને હતી. ત્યાર બાદ વિરલએ આજના યુવા વર્ગને વધુમાં વધુ સંખ્યામાં સમાજમાં જોડાવા માટે અને સમાજ કાર્યમાં ઉપયોગી થવા માટે જણાવ્યું હતું. વિશ્વકર્મા બાગથી ભક્તોને આવવા અને જવા માટેની બસ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી.



સાંજને રંગીન બનાવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમ રંગારંગના કલાકારો ભાગ્યેશભાઈ વાળા, જતિન દરજી, આશા પ્રજાપતી, આશિષ દડીઆ, શીતલ દડીઆ, જગદીશભાઈ ઉદેશી દ્વારા આ પ્રોગ્રામનું પણ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. જે સમાજના લોકોએ ખુબ માણયો હતો. તેમજ રાત્રિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ અને સરળ બનાવવા માટેનો મુખ્ય શ્રેય કાર્યકર્તા ભાઈઓ, બહેનો, ઉત્સવ કમિટીના સભ્યો અને ટ્રસ્ટ કમિટીને સભ્યોને એટલે કે પ્રમુખ આશિતભાઈ ઘોરેચા, ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ બાબુભાઈ અધેડા, સચિવ તુષારભાઈ નાગજીભાઈ કથેચા, ખજાનચી તુષારભાઈ વ્રજલાલ ધ્રાંગધરિયા, ટ્રસ્ટી રસીકભાઇ સવજીભાઈ વઘાડિયા, ટ્રસ્ટી રમેશભાઈ શામજીભાઈ અંબાસણા, ટ્રસ્ટી સુરેશભાઈ અનુવાડીયા, ઉત્સવ કમિટી શ્રી સતિષભાઈ રામજીભાઈ સંચાણીયા, ઉપપ્રમુખ દિલીપભાઈ દામજીભાઈ ધ્રાંગધરીયા, ખજાનચી સૂર્યકાંતભાઇ નારાયણભાઈ ભાડેશિયાને ફાળે જાય છે .

# ડાકોરમાં વિશ્વકર્મા જયંતી મહોત્સવ ઉજવાયો





શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ ડાકોર દ્વારા આયોજિત વિશ્વકર્મા જયંતી મહોત્સવનો આયોજન આજરોજ ભાવિભક્તો દ્વારા કરવામાં આવેલ જેમાં સવારે દાદાની પૂજા કરી સમગ્ર ડાકોર ધામમાં શ્રી વિશ્વકર્મા દાદાનો વરઘોડો અને પધરામણી કરવામાં આવેલ આ ઉપરાંત આવેલ સર્વે ભક્તોને મહાપ્રસાદી શ્રી શૈલેષભાઈ સુથાર દ્વારા કરવામાં આવેલ આજ રોજ દાદાની મહાઆરતી સાંજે આયોજિત કરેલ

સમગ્ર આયોજનમાં પ્રમુખશ્રી નિમેશ સુથાર મંત્રીશ્રી જયંતીભાઈ સુથાર સહમંત્રી શ્રી વિપુલભાઈ ગજ્જર સર્વે ટ્રસ્ટી સભ્યો હેમંતકુમાર પંચાલ, દીપકભાઈ મિસ્ત્રી, પ્રદીપભાઈ સુથાર, હિતેનકુમાર ગજ્જર, ચિરાગકુમાર સુથાર, સુરેશભાઈ સુથાર, ભદ્રેશભાઈ સુથાર, રજનીભાઈ મિસ્ત્રી, જગદીશભાઈ ગજ્જર, અરવિંદભાઈ સુથાર, રમેશભાઈ પંચાલ અને જ્યોતીન્દ્ર ગજ્જરની મહેનત અને જહેમત ખુબ સુંદર રહી.

છેલ્લા ૧૦૦ વર્ષથી શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ ડાકોર દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવનું આયોજન સુંદર રીતે કરવામાં આવે છે હજારો ભાવિ ભક્તો તેનો લાભ લઈ સમગ્ર હિન્દુસ્તાનમાંથી વિશ્વકર્મા પુત્રો આ મંદિરનો લાભ લે છે શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ ડાકોર એકમાત્ર સુવર્ણ મંદિર છે

ડાકોર ધામમાં પ્રાચીન શ્રી વિશ્વકર્મા મંદિર છેલ્લા ૧૧૦ વર્ષથી સ્થાપિત છે અને સમગ્ર ભારતમાં પહેલું સુવર્ણ સિંહાસન મંદિર આવેલ છે તેનો સર્વે ભક્તો લાભ લેવા વિનંતી.

# હિંમત અને વિઝન હોય તો પ્રગતિને કોઇ રોકી ન શકે : શ્રી અમૃતલાલ ભારદીયા

## કડીમાં શ્રી વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ દ્વારા યોજાયું વિદ્યાર્થી સન્માન

• પ્રવીણ ગજજર







શ્રી વિશ્વકર્મા સોશ્યલ ગૃપ-કડી દ્વારા તા. ૧૯-૨-૨૩ના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓને પારીતોષીક આપવાનો ૩૨મો સમારોહ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ-મહેસાણા હાઈવે પર અમૃત હોટલ ખાતે યોજવામાં આવેલ સમારોહના મુખ્ય મહેમાનો તરીકે શ્રી અમૃતલાલ ખીમજીભાઇ ભારદીયા (રવિ ટેકનોફોર્જ) રંજનબેન અમુભાઇ ભારદીયા, કર્નલ પ્રમોદભાઇ રમેશભાઇ અંબાસણા અને શ્રીમતી શીતલબેન પ્રમોદભાઇ અંબાસણા ઉપસ્થિત રહયા હતા. પ્રમુખ સ્થાને રમેશભાઇ પંચાલ જયારે અતિથિ વિશેષ તરીકે ભીખાભાઇ પટેલ, નીલેશભાઇ ગજજર, ધર્મેન્દ્રભાઇ જી. ગજજર, શ્રીમતી ઉષાબેન ગજજર, મહેન્દ્રભાઇ પટેલ, શ્રીમતી ડો. નિલમબેન પંચાલ, રીટા. ડેપ્યુટી પોલીસ કમિશનર શ્રી સી.ટી. સુથાર ખંભાળીયાના પૂર્વ પ્રમુખ પ્રાણલાલ બામરોલીયા, તેમજ આમંત્રિત મહેમાનોમાં શ્રીમતી કોમલ આર. વઘાડીયા, શ્રીમતી સુરભી મિસ્ત્રી, શ્રીમતી હેતલ પરીખ, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર, કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, પ્રફુલભાઇ પનારા, મગનભાઇ બોરાણીયા, જામનગર ગુ.સુ. જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા, કડી નગરપાલિકાના પ્રમુખ ભરતભાઇ પટેલ, સંજયભાઇ પટેલ, પ્રકાશભાઇ ગજજર, દશરથભાઇ ગજજર, નિરંજનભાઇ પરમાર, સુરેશભાઇ ગજજર અને ચંદુભાઇ ગજજર વગેરે ઉપસ્થિત રહયા હતા.



**૧૨૦ જેટલા વિદ્યાર્થીઓને કિંમતી ભેટો આપી સન્માન કરાયું**

સવારે મહેમાનોનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યા બાદ સૌએ રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. બાદમાં શ્રી વિશ્વકર્મા દાદાની સમુહ આરતી કરવામાં આવી હતી અને ત્યારાદ રાંદલ ગ્રુપની બહેનો દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું.

મહેમાનોનો પરિચય અને સ્વાગત પ્રવચનમાં મંત્રી કે.ડી. સુથારે ગામ પરગામથી આવેલા મહેમાનોને પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાનો, વિશિષ્ટ અતિથિ અને અતિથિ







# સફળતા ન મળે તો નિરાશ થવું નહીં : કર્નલ પ્રમોદ અંબાસણા

વિશેષશ્રીઓનું મંત્રી કે.ડી. સુથાર, કારભારી પ્રમુખ જીતેન્દ્રભાઇ ગજજર અને હોદ્દેદારોએ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયાએ પ્રાસંગીક ઉદબોધનમાં સમાજમાં શિક્ષણની જરૂરીયાત જણાવી દિનપ્રતિદિન મોંઘા થતા શિક્ષણ અંગે ચિંતા વ્યકત કરી હતી. તેઓએ અમૃતલાલ ભારદીયા શિક્ષણ અને સામાજીક ક્ષેત્રે કેવુ અમુલ્ય યોગદાન આપી રહયા છે તેની વિસ્તૃત વિગત રજુ કરીને લોકોને વ્યસન મુકત થવાની અપીલ કરી હતી. વિશિષ્ટ અતિથિ કર્નલ પ્રમોદ અંબાસણાએ આ પ્રસંગે આગવી ઢબે સંબોધન કરીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને ખુબ ભણવા અને સપના સાકાર કરવા હાર્ડ વર્ક કરવા અને ફેઇલ થવા સમયે શા માટે ફેઇલ થયા તેનું આત્મમંથન કરી વધુ મહેનત કરવાની શીખ આપી હતી. સાથોસાથ જીવનમાં તંદુરસ્તીને પણ ધ્યાનમાં રાખવાની શીખ આપી હતી.



મુખ્ય મહેમાન પદેથી અમૃતલાલ ભારદીયાએ વિદ્યાર્થીઓને જેમાં રસ અને રૂચી હોય તેમાં વાલીઓએ આગળ વધવા દેવું જોઇએ. વિદ્યાર્થીઓની કેરીયર વિદ્યાર્થીઓને જાતે જ નકકી કરી દેવી જોઇએ. વાલીઓએ કોઇ જાતનું દબાણ કરવું જોઇએ નહીં.

કુટુંબનો સાથ સહકાર ન હોય તો સમાજ સેવા થઇ શકતી નથી. પોતાના પરિવારનું દ્રષ્ટાંત આપવાની સાથોસાથ તેમણે કહયું કે, હિંમત અને લક્ષ્ય નકકી હોય તો કોઇની તાકાત નથી કે તે પ્રગતિને રૂંધી શકે. ઘરને મંદિર ગણવાની સાથે મા-બાપને જ ભગવાન ગણી તેની સાથે તેવો વ્યવહાર કરવાની શીખ આપી હતી.

અહમને કારણે તમામ પ્રકારનો વિકાસ રૂંધાય છે. અહમને જીવનમાંથી તિલાંજલી આપવાની પણ તેમણે શીખ આપી હતી.

સમાજમાં એકતા અને સંગઠન માટે આવા કાર્યક્રમ જરૂરી હોવાનું જણાવી કડીમાં આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સૌને અભિનંદન આપ્યા હતા. સાથોસાથ સમગ્ર ગુર્જર સુથાર સમાજને એક થવાની પણ તેમણે હાલક કરી કહયુ કે



આપણો સમાજ એક થશે તો કોઇની તાકાત નથી કે સમાજના સર્વાંગી વિકાસને કોઇ રોકી શકે સંગઠનના અભાવે આપણી રાજકીય નોંધ પણ નથી લેવાતી તેમણે દુઃખની લાગણી વ્યકત કરી તેમણે સૌને સંગઠીત થવાની હાકલ કરી હતી.

આ સમારોહમાં મહેમાનોના હસ્તે ડો. જીગર શંભુભાઇ ગજ્જર (ગોલ્ડ મેડાલીસ્ટ), ડો. ગૌરાંગ કમલેશભાઇ ગજ્જર, ડો. નીલેશભાઇ બાબુભાઇ ગજ્જર, યોગા ટીચર દર્શના મનુભાઇ ગજ્જર અને આંગણવાડીમાં જીલ્લા કક્ષાએ પ્રથમ આવેલ પીંકીબેન મહેશભાઇ ગજ્જરનું મુખ્ય મહેમાનોના હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે વિવિધ ક્ષેણીના કુલ ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. વિવિધ સેવાના દાતાઓનું પણ સન્માન કરાયું હતુ.

આ પ્રસંગે શ્રીમતી ઉષાબેન માણેકલાલ ગજ્જરે આજીવન દર વર્ષે રૂા. ૫૧,૦૦૦ વિદ્યાર્થીઓના સન્માન માટે આપવાની જાહેરાત કરી હતી. આભાર દર્શન પ્રમુખ વિષ્ણુભાઇ ગજ્જરે કર્યું હતું. કારોબારી સમિતિના કારભારી પ્રમુખ જીતેન્દ્રભાઇ ગજ્જર, મંત્રી કે.ડી. સુથાર, રસિકભાઇ ગજ્જર, ગણપતભાઇ ગજ્જર, ખજાનચી મનીષભાઇ ગજ્જર તેમજ સભ્યો વંદનાબેન ગજ્જર, દશરથભાઇ ગજ્જર, ક્રિંજલબેન ગજ્જર અને રમેશભાઇ ગજ્જર, મૌલીનકુમાર ગજ્જર, સલાહકાર સમિતિના વિષ્ણુભાઇ ગજ્જર, જયંતભાઇ ગજ્જર, દશરથભાઇ એમ. ગજ્જર, ઉપેન્દ્રભાઇ અમૃતલાલ ગજ્જર, પ્રવીણભાઇ મિસ્ત્રી વગેરેએ આયોજનની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

# જસદણમાં વિશ્વકર્મા જયંતી ઉજવાઇ

## મરણ થયુ હોય તે ઘરે ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા શરૂ





જસદણમાં ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ સેવા ટ્રસ્ટ, ગુ.સુ. જ્ઞાતિ મંડળ જસદણ દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ વિશ્વકર્મા જયંતીની ભાવસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વકર્મા જયંતીના દિવસે સવારે દાદાનું પુજન અર્ચન કરવામાં આવ્યું હતૂં. અને ત્યારબાદ સમગ્ર સમાજે ભોજનપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે મીટીંગ મળી હતી જેમાં શરૂ કરાયેલ ટીફીન વ્યવસ્થા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કોઇના ઘેર અપમૃત્યુ થાય તેવા સંજોગોમાં તેમના ઘેર ટીફીન પહોંચાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. કમિટીના સભ્યો દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવે છે. ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના મંદિરમાં દાદાના સિંહાસન માટે ૫ ગ્રામ સોનુ દાન અપાયું છે. આ માટે અનુદાન આપનાર પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરાઇ હતી. પ્રમુખ અશોકભાઇ અંબાસણા, ઉપપ્રમુખ મનોજભાઇ જોલાપરા, મંત્રી વિજય તલસાણિયા, સહમંત્રી વિનોદભાઇ પનારા, ખજાનચી શૈલેષભાઇ તલસાણિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.





ઘર બેઠા લવાજમ ભરો,
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.

Paytm G Pay

મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫ પર Paytm અથવા G Pay કરો
અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...

# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ - નવાવાડજ, અમદાવાદમાં શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી







વિશ્વકર્મા જયંતી દિને શ્રી સૌ.ગુ.સુ. જ્ઞાતિ યુથ ફોરમ નવા વાડજ ખાતે વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી થઇ. આ પ્રસંગે ૨૫૦૦ થી ૩૦૦૦ના સંખ્યામાં શ્રી વિશ્વકર્મા જયંતી ઉત્સવમાં ઉમટી પડેલા વંશજોએ દાન પણ પુરા દિલથી કર્યું. હોંશે હોંશે ઉદારતાના દર્શન કરાવ્યા. કુલે ૬૦૦ થી ૬૫૦ સદાશય દાતાઓ તેમનું યોગદાન આપ્યું. દાદાના ચરણમાં પણ અકલ્પનીય ધન સમર્પિત થયું. ગૌરવ અનુભવતા શાબાશીના નાદ અને આભારની અભિવ્યકિત સાથે કહેવુ પડે કે રૂા. ૫,૦૦,૦૦૦ થી ૫,૫૦,૦૦૦નું માતબર અનુદાન આ પાવન દિને મળ્યું. સામે સમિતિ સદસ્યો, હિતેચ્છુઓ અને કર્મચારીઓના પરિશ્રમરૂપ અને કરકસરયુકત વલણને કારણે ખર્ચ ૨,૦૦,૦૦૦થી ૨,૫૦,૦૦૦ની આગળ પાછળ રહયું છે. આ ખર્ચમાં જયંતીની પૂર્વ સંધ્યાનો ડાયરો અને જયંતીના દિને પણ ડાયરો લાઇવ પ્રસારણ સાથે ૪૦૦ વ્યકિતના હળવા ભોજનનો (બન્ને દિન ચા-પાણીની સેવા સાથે) સમાવેશ થાય છે. આ ભાવવર્ષા અને સ્નેહ વહેણે અમારા ઉત્સાહમાં અનેકગણુ ઉમેરણ કરેલ છે. સાથે સાથે વધુ સુંદર કામ કરવાનું આહવાન પણ આપેલ છે. દાદાના સાનિધ્યમાં રહેલ સૌ દાદા ભકતો ભકિતમય હતા. ભાવમય હતા. ઉત્સાહનો ઉછાળ તોફાની દરિયાના મોજા જેવો દિશતો હતો. બૃહદ પરિવારની સરિતાનુંજાણે નિર્મળ વહેણ જોઇ લો. સૌએ સાથે મળી સૌના પરમાર્થ માટે દાદાને ગહન ભાવથી અભિયાચના કરી.

જય શ્રી વિશ્વકર્મા, જય માં રાંદલ(વિશેષ શ્રી વિનોદભાઇ સિનરોજા, તેમના સંગ પધારેલ ખ્યાતનામ લોકગાયક માનનીય શ્રી અરવિંદભાઇ બારોટ, શ્રી વિષ્ણુભાઇ પનારા તથા નિઃસ્પૃહી સાજીંદાઓની સેવાને પુરા ભાવથી નમન. સાબરમતી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અને ખરા અર્થના જન પ્રતિનિધિ હાઇલી એજ્યુકેટેડ(પી.એચ.ડી.) હર્ષદભાઇની હાજરી અને તેમની પાવન વાણીએ ઉત્સવને વધુ આનંદીત બનાવ્યો હતો.


**અહેવાલ : શાંતિલાલ ખોડદીયા**

# રાજકોટમાં મેવાડા સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી

રાજકોટમાં મવડી પ્લોટ વિસ્તારમાં આવેલ કાઠીયાવાડા મેવાડા સુતાર સમાજની વાડીએ યુવક મંડળ દ્વારા ધામધુમથી અને મંગલમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વકર્મા જયંતીના દિવસે સૌ હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ દ્વારા વિશ્વકર્મા પ્રભુજીનું પુજન અર્ચન કર્યા બાદ સૌએ દાદાની આરતી ઉતારી હતી. ધુન-ભજનની રમઝટે વાતાવરણ ભકિતમય બનાવ્યુ હતું. પુજન અને આરતી બાદ સૌએ સાથે ભોજન પ્રસાદનો લહાવો લીધો હતો. મેવાડા સમાજના પ્રમુખ પરેશભાઇ ધોરજીયા, ઉપપ્રમુખ હરેશભાઇ ચુડાસમા, મંત્રી જગદીશભાઇ, ખજાનચી મુકેશભાઇ ચોટલીયા ટ્રસ્ટીઓ મહેશભાઇ વાડોદરીયા, અમુભાઇ પીપળીયા (મુંબઇ) યુવક મંડળના પ્રમુખ યોગેશભાઇ રાણપરીયા, વિજયભાઇ રાણપરીયા અન્ય સભ્યો આગેવાનો આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.





# લાલપુરમાં ઉજવાયો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

- પ્રવીણ ગજ્જર

## શ્રી બચુભાઇ વડગામાના હસ્તે વિશ્વકર્મા પ્રભુજીની થઇ પ્રાણપ્રતિષ્ઠા



## શોભાયાત્રામાં સમગ્ર લાલપુર અને અન્ય સમાજ ઉમટી પડયા

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના લાલપુર ગામમાં આવેલ ગુર્જર સુથાર સમાજમાં બારેક લાખના ખર્ચે નિર્માણ પામેલ શ્રી વિશ્વર્મા પ્રભુજી મંદિરમાં વિશ્વકર્મા પ્રભુજી અને અન્ય મૂર્તિઓનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. ૩ દિવસના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સૌરાષ્ટ્ર-ગુજરાત-મુંબઇ સહિતના શહેરોના મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. જે ગામમાં ફકત ગુર્જર સુતારના ૨૬ ઘર છે તેવા નાનકડા ગામમાં સુંદર સમાજના નિર્માણ સાથે વિશ્વકર્મા પ્રભુજીનું સુંદર મંદિર બનાવી સમાજને અર્પણ કરનાર પ્રમુખ ચંદુભાઇ સાંકડેચા અને તેની સમગ્ર ટીમ પર ચારેય તરફથી અભિનંદનનો વરસાદ વરસી રહયો છે.

લાલપુરમાં ૫૦૦૦ ચોરસ ફૂટ જેવી જગ્યા પર સુંદર સમાજનું નિર્માણ થયા બાદ ૨૦૨૧માં ચંદુભાઇ સાંકડેચા પ્રમુખ થયા બાદ રાજકોટના અમૃતલાલ ભારદીયાના આર્થિક સહયોગથી સમાજનું રીનોવેશન કરવામાં આવ્યું અને વિશ્વકર્મા પ્રભુજી મંદિરનું નિર્માણ કરવાનો સંકલ્પ સમાજે કર્યા બાદ ૧૫-૧૨-૨૦૨૧ના રોજ શ્રી અમૃતલાલ ભારદીયા અને રંજનબેન ભારદીયાના હસ્તે મંદિરનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું અને ટુંકા ગાળામાં ૧૧.૫ × ૧૧.૫ ફૂટનું સારી એવી ઉંચાઇ વાળુ શીખરબંધ મંદિરનું નિર્માણ કરાયું. મંદિરની વિશ્વકર્મા પ્રભુજી સહિતની તમામ મૂર્તિઓ રાજકોટના બચુભાઇ વડગામા (લેખક) તરફથી ભેટ આપવામાં આવ્યા બાદ તા. ૧૪/૨ થી ૧૬/૨/૨૩ એમ ત્રણ દિવસના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. મહેન્દ્રભાઇ બચુભાઇ વડગામા (મેમાણાવાળા), અશોકભાઇ








## મૂર્તિના દાતા શ્રી બચુભાઇ વડગામા અને અન્ય દાતાઓનું અદકેરુ સન્માન

નારણભાઇ વીશરોલીયા (રામપર-વેરાવળ), બટુકભાઇ ભારદીયા (નાની વેરાવળ), સંજય ભુદરજીભાઇ પીસાવડીયા (લાલપુર) અને મુકેશ ભગવાનજીભાઇ પીસાવડીયા (ખીરસરા)ના મુખ્ય મહેમાનપદે યોજાયેલ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠાના પ્રથમ દિવસે લાલપુરના રાધેશ્યામ મંદિરથી વિશ્વકર્મા સમાજ સુધીની દોઢ કિલોમીટર શોભાયાત્રા કાઢવામાં આવી. શોભાયાત્રાનું પ્રસ્થાન પ્રગટેશ્વર મહાદેવના મહંત મહેશ મુનિ અને અમદાવાદ ગીતા મંદિર સંસ્થાના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્ય મુર્તિ સહિતની શોભાયાત્રામાં જામનગર જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, દિલીપભાઇ ભારદીયા (મામા) અને તેની ટીમ તેમજ મુંબઇ ભીવંડીના જમનભાઇ પીસાવડીયા સહિતના મહાનુભાવો તેમજ લાલપુર અને સમગ્ર તાલુકાભરમાંથી આવેલા લોકો ખેસ ધારણ કરીને શોભાયાત્રામાં જોડાયા હતા. શોભાયાત્રા સમાજે પહોંચ્યા બાદ મુખ્ય મહેમાનોના યજમાન પદે જામનગરના શાસ્ત્રીજી અને તેમની ટીમ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા વિધી, યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બીજા દિવસે પણ પ્રાણ પ્રતિષ્ઠા વિધી-યજ્ઞની વિધિ કરવામાં આવી હતી.

તા. ૧૬ના રોજ શ્રી બચુભાઇ વડગામા (મેમાણાવાળા) અને તેમના પત્નીના હસ્તે શ્રી વિશ્વકર્મા પ્રભુજી અને અન્ય મૂર્તિઓની શાસ્ત્રોકત વિધીથી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

પુર્ણાહુતિ પ્રસંગે સન્માન સમારંભ પણ યોજવામાં આવ્ય હતો. સન્માન સમારંભમાં મુખ્ય મહેમાનો ઉપરાંત જામનગર જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, મંત્રી ડો. હિમાંશુ આમરણીયા, ટ્રસ્ટી દિલીપમામા, કર્નલ પ્રમોદભાઇ અંબાસણા, રાજકોટ જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને





# લાલપુરના પ્રમુખ ચંદુભાઇ સાંકડેચા પર અભિનંદન વર્ષા




તેની ટીમ, કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, મગનભાઇ બોરાણીયા ઉપરાંત ભીંવડીના જમનભાઇ પીસાવડીયા, અમદાવાદના મનુભાઇ પીસાવડીયા, ખંભાળીયાના પ્રમુખ હરૂભાઇ વધાડીયા, મંત્રી જેન્તીભાઇ સુરેલીયા, ઠાકરશીભાઇ વડગામા, ભૂમિત વોરલીયા, સુંદરજીભાઇ સુરેલીયા, ભાણવડના બલવંતભાઇ દુધૈયા, ઉપલેટાના સુરેશભાઇ છત્રાલીયા, માણાવદરના નટુભાઇ ગજ્જર, રાજકોટ મહિલા ધુન મંડળના પ્રમુખ કુસુમબેન સાંકડેચા, સહિતના મહાનુભાવો સ્ટેજ પર બિરાજમાન થયા હતા. તમામ મહેમાનોનું પ્રમુખ ચંદુભાઇ સાંકડેચાએ ખેસ પહેરાવી, સન્માનપત્ર અર્પણ કરીને સન્માન કર્યું હતું.





આ પ્રસંગે જામનગરના રમણીકભાઇ ગોરેચાએ પ્રાસંગીક ઉદબોધનમાં લાલપુર જેવા ગામમાં નાનો સમાજ હોવા છતાં વિશ્વકર્મા પ્રભુજી મંદિર નિર્માણ કરવા બદલ સૌને અભિનંદન આપ્યા હતા. દિલીપભાઇ ભારદીયાએ પ્રાસંગક ઉદબોધનમાં લાલપુર જેવા નાના ગામમાં સુંદર સમાજ ઉપરાંત વિશ્વકર્મા મંદિરનું નિર્માણ કરી સમગ્ર સમાજમાં લાલપુરનું નામ ગૌરવપ્રદ બનાવ્યું છે. તેમ જણાવી પ્રમુખ ચંદુભાઇ અને તેની ટીમે આવું સુંદર સર્જન કરવા ઉઠાવેલ જહેમતથી સૌને વાકેફ કર્યા હતા.

રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ ટુંકા સમયમાં સમાજે કરેલ પ્રગતિને બિરદાવી અને ચંદુભાઇ અને તેમની ટીમને અભિનંદન આપવાની સાથોસાથ રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા થતી પ્રવૃત્તિઓનો ચીતાર આપ્યો હતો.

આ પ્રસંગે કાયક્રમોમાં ભાગ્યે જ ઉપસ્થિત રહેતા શ્રી બચુભાઇ વડગામાની ઉપસ્થિતિને સૌએ આવકારી હતી અને લાલપુરના પ્રમુખ ચંદુભાઇ અને તેની ટીમે શ્રી બચુભાઇ વડગામાનું અદકેરું સન્માન કર્યું હતું. અન્ય સમાજે પણ બચુભાઇનું સન્માન કર્યું હતું.

ત્રણ દિવસના મહોત્સવ અને પુર્ણાહુતિના દિવસે લાલપુર, ખંભાળીયા, ભાટીયા, મીઠાપુર, ભાણવડ, જામજોધપુર, ઉપલેટા, માણાવદર, ધ્રોલ, પડધરી, જામનગર, કાલાવડ, રાજકોટ, મુંબઇ, અમદાવાદ સહિતના શહેરોમાંથી લોકો ઉપસ્થિત રહયા હતા અને પુર્ણાહુતિના દિવસે ૪૫૦૦ જેટલા લોકોએ પ્રસાદ લીધો હતો.

આયોજનને સફળ બનાવવા પ્રમુખ ચંદુભાઇ સાંકડેચા, ઉપપ્રમુખ શાંતિલાલ ગોરેચા, ખજાનચી હિતેષભાઇ બકરાણિયા, મંત્રી દિપકભાઇ પીસાવડીયા, સહમંત્રી કાંતિભાઇ પીસાવડીયા, સભ્યો દિનેશભાઇ વડગામા, તેજસભાઇ ગોરેચા, સચીનભાઇ અનુવાડીયા, ભપુતભાઇ ભારદીયા તેમજ યુવક મંડળના પ્રમુખ મિલનકુમાર પીસાવડીયા, ઉપપ્રમુખ રવિકુમાર પીસાવડીયા, ખજાનચી અશોક વીસાવડીયા, સભ્યો સચીનકુમાર અનોવાડીયા, ભરતકુમાર પીસાવડીયા, સુમીતલાલ બકરાણિયા, દર્શીતકુમાર અંબાસણા, દિપેશ પીસાવડીયા અને રવિકુમાર અંબાસણા વગેરેએ જહેમત ઉઠાવી હતી.



# DUNEX®

steeling your senses

## The Measure of Intelligence is the Ability to 'Do Next'




- Door Hardware
- Architectural Glass Fitting
- Bathroom Accessories
- Furniture Fittings
- Modular Stairway & Railing Solution
- MISC. Harware







Manufacturer & Exporter of AISI 316L, 316 & 304 Grade Stainless Stell Architectural Hardware

GOOD DESIGN 2015

reddot design award honourable mention 2009

International Quality Excellence Award

International Business Excellence Award

Bhartiya Vikas Ratan Award

**DUNEX ARCHITECTURAL PVT. LTD.**

www.dunex.in

# અમદાવાદમાં ગુ. સુ. વિશ્વકર્મા પરિવાર દ્વારા વિશ્વકર્મા જયંતી ઉજવાઇ

અમદાવાદમાં શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા પરિવાર-વેજલપુર દ્વારા તા. ૩-૨-૨૩ના રોજ જીવરાજ પાર્ક ખાતે આવેલ ચાણકય હોલ ખાતે વિશ્વકર્મા જયંતીની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે વેજલપુરના ધારાસભ્ય અમિતભાઇ ઠાકર, વેજલપુરના પ્રમુખ દેવાંગભાઇ મહેતા, કાઉન્સીલર દિલીપભાઇ બગરીયા, શ્રી રાજુભાઇ ઠાકોર(મુખી), શ્રીમતિ કલ્પનાબેન ચાવડા, શ્રીમતી પારૂલબેન દવે, શ્રી હરીશભાઇ ચૌહાણ વગેરે ઉપસ્થિત રહયા હતા. મહાનુભાવોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિશ્વકર્મા કૌશલ વિકાસ યોજના જાહેર કરીને બજેટ ફાળવવામાં આવ્યું તે બદલે હર્ષની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો તરીકે નવીનભાઇ વડેચા, ડો. પરેશભાઇ છનીયારા, નવીનભાઇ તલસાણિયા, સુરેશભાઇ વામજા, શ્રીમતી ધર્મીષ્ઠાબેન ગજજર, હીરેનભાઇ મિસ્ત્રી, જગદીશભાઇ ઝાલેરા, શૈલેષભાઇ ગઢવી વગેરે ઉપસ્થિત રહયા હતા. મહેમાનોને હોદ્દેદારોના હસ્તે દાદાની મૂર્તિ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે રમેશભાઇ તલસાણિયાનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતૂં.

આયોજન સફળ બનાવવા ટ્રસ્ટી રમેશભાઇ તલસાણિયા, સુર્યકાંત વડગામા વગેરેએ જહેમત ઉઠાવી હતી.









# ખંભાયતા પરિવારના સુરાપુરા દાદાના મંદિરનો ૪થો પાટોત્સવ ઉજવાયો

ખેરડી ખાતે આવેલ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ ખંભાયતા-પરિવારના સુરાપુરા દાદા શ્રી ભયલાબાપાના નૂતન મંદિરનો ૪થો પાટોત્સવની તા. ૧૩/૨ના રોજ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ખંભાયતા પરિવારના ભાઇ-બહેનો ગામ-પરગામથી આવ્યા હતા અને સુરાપુરા દાદાનં પુજન અર્ચન કર્યું હતું. આયોજન સફળ બનાવવા અનિલભાઇ, અશોકભાઇ, કિશોરભાઇ, ભાવેશભાઇ, પરેશભાઇ વગેરેએ જહેમત ઉઠાવી હતી.




સુરાપુરાદાદાનું આ નૂતન મંદિરની જમીનથી લઇને મંદિર તૈયાર કરી સમાજને અર્પણ કરનાર શ્રી કિશોરભાઇ ખંભાયતા (કુનેક્ષ) કન્યા છાત્રાલયના ટ્રસ્ટી યોગીનભાઇ છનિયારા તેમજ જીએચપી ગ્રુપના યુવાનો વગેરે પણ આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

# જામખંભાળીયામાં શ્રી વિશ્વકમા જયંતી મહોત્સવ તથા મંદિરનો ૧૭મો પાટોત્સવ ઉજાવવાયો





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામખંભાળીયાના શંકુલ વિશ્વકર્મા બાગમાં શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ ખુબ જ ધામધુમ અને ખુબ જ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો.



સૃષ્ટિના સર્જનહાર અને આપણા આરાધ્ય દેવ શ્રી વિશ્વકર્મા દાદાના અતિ પાવન પર્વ શ્રી વિશ્વકર્મા જયંતીના દિવસે જ્ઞાતિ દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વહેલી સવારે મંગળા આરતી, દાદાના મંદિરનો ૧૭મો પાટોત્સવ હવન, નુતન ધ્વજારોહણ, દાતાશ્રીઓનું સન્માન તથા મહાપ્રસાદ(સમુહ ભોજન) તેમજ સાંજે સંધ્યા મહા આરતીમાં ૧૦૮ દિપોની દિપમાળા પ્રગટાવવામાં આવી હતી. જેના દર્શનથી ઉપસ્થિત સૌ કોઇ આનંદ વિભોર થયા હતા. આરતી બાદ સંધ્યા સમુહ ભોજનનો સૌએ લાભ લીધો હતો. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાસ ગરબાના તાલે સૌ કોઇ મન મુકીને રમ્યા હતા અને રમઝટ બોલાવી હતી.

શ્રી વિશ્વકમા જયંતી મહોત્સવમાં દિવસ દરમ્યાનના દરેક કાયક્રમોના દાતાશ્રી સ્વ. જગજીવનભાઇ પરસોતમભાઇ ભારદીયા અને સ્વ. મયાકુંવરબેન જગજીવનભાઇ ભારદીયાની સ્મૃતિમાં ઓધવજીભાઇ જગજીવનભાઇ ભારદીયા તથા શ્રીમતિ ભારતીબેન ઓધવજીભાઇ ભારદીયા હતા.

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ઉપરોકત દાતાશ્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. દાતાશ્રી પરિવાર વતી નવનીતભાઇ રામજીભાઇ વડગામા તથા શ્રીમતી સવિતાબેન નવનીતભાઇ વડગામા અને ભરતભાઇ ઠાકરશીભાઇ છત્રાલીયા તથા શ્રીમતી પ્રિતીબેન ભરતભાઇ છત્રાલીયા વિશેષ ઉપસ્થિત રહયા હતા.

સન્માન સમારોહમાં ઉપસ્થિત સૌ મહેમાનો તથા જ્ઞાતિજનોને મંત્રી જયંતીભાઇ સવજીભાઇ સુરેલીયાએ આવકાર્યા હતા.

દાતાશ્રીઓના સન્માન સમારોહમાં નિયામક સમિતિના ઠાકરીશભાઇ વડગામાનું સન્માન સવજીભાઇ સુરેલીયા, નવનીતભાઇ વડગામાનું સન્માન પ્રમુખ હરૂભાઇ વઘાડીયા, સવિતાબેન વડગામાનું સન્માન સરોજબેન વઘાડિયા, ભરતભાઇ છત્રાલીયાનું સન્માન લાલજીભાઇ વઘાડિયા, પ્રિતીબેન છત્રાલીયાનું સન્માન જયશ્રીબેન વઘાડિયા, સરોજબેન ભારદીયાનું સન્માન હેતલબેન સંચાણિયા, સંગીતાબેન સુરેલીયાનું સન્માન ભારતીબેન વઘાડિયા, અશોકભાઇ વડગામાનું સન્માન મોહનભાઇ પંચાસરા, મોહનભાઇ ભારદીયાનું સન્માન જયંતીભાઇ સુરેલીયાએ ઉપરાંત આ તકે બેસ્ટ લેખક ઓફ ધ યરના એવોર્ડ બદલ શોભનાબેન દુધૈયા તથા કૃષિ વિશેના સંશોધનો બદલ વૃજલાલ સુરેલીયાને વિશેષ સન્માનિત કર્યા





હતા. 'મેનેજર' પુજારી બળવંતરાય થાનકીને પણ સન્માનિત કરાયા હતા. દાદાના મંદિરની સેવા બદલ સવજીભાઇ સુરેલીયા, બાબુભાઇ સંચાણિયા, લાલજીભાઇ વઘાડિયા તથા હેમંતભાઇ મેસવાણિયાને સન્માનિત કરાયા હતા. જ્ઞાતિને લગતા પ્રિન્ટીંગ કામ માટે



કપિલભાઇ બોરાણીયાને યોગેશભાઇ દુધૈયા દ્વારા સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમનું સંચાલન જયંતીભાઇ સુરેલીયાએ કર્યું હતું. આ મહોત્સવને સફળ બનાવવા માટે નાના મોટા સૌ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : જયંતીભાઇ સુરેલીયા**

# પુનામાં વિશ્વકર્મા જયંતી ઉજવાઇ

## પ્રમુખ તરીકે પ્રવીણભાઇ દુદકીયાની પુનઃ વરણી





શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ પુના દ્વારા વિશ્વકર્મા જયંતીની ભાવભીની-ધર્મમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી તી. સવારે વિશ્વકર્મા દાદાનું પુજન-આરતી થયા હતા અને બાદમાં સૌએ સાથે મળી ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો તો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને ભેટ બક્ષીસ આપી સન્માનવામાં આવ્યા હતા. પુનામાં રહેવા આવેલા સદસ્યોનું પણ ગુલાબના ફુલ અર્પણ કરી આવકાર આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે વર્ષ દરમ્યાન અવસાન પામેલ જ્ઞાતિજનો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

સંસ્થાના પ્રમુખ પ્રવીણભાઇ દુદકીયા, ઉપપ્રમુખ સંજયભાઇ વડગામા, મંત્રી અતુલભાઇ શેરશીયા, ખજાનચી હર્ષદભાઇ પીસાવડીયા, સદસ્યો ધીરજભાઇ પીસાવડીયા, કેતનભાઇ ગુંજારીયા, વિનોદભાઇ શેરશીયા, પ્રમોદભાઇ શેરસીયા, વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું. સલાહકારો હરગોવિંદભાઇ દુદકીયા, શાંતિભાઇ ભારદીયા, ગોપાલભાઇ શેરસીયા, મહેન્દ્રભાઇ વીસાવડીયાએ પણ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

ચુંટણી

સંસ્થાના હોદ્દેદારો ચુંટણીની જાહેરાતમાં ૨૭/૧/૨૩ સુધીમાં ઉમેદવારી પત્રક ભરવાના હતા. પરંતુ એક પણ ઉમેદવારોએ ફોર્મ ન ભરતા પ્રમુખ પદે પ્રવીણભાઇ દુદકીયાને ચાલુ રાખવાનું સર્વાનુમતે નકકી કરાયું હતું.

**અહેવાલ : પ્રવીણભાઇ દુદકીયા**

# મોરબીમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી

## રાજકોટ વિરપર હાઈવે પર ૧૮૦૦૦ ફૂટ જગ્યા ખરીદશે : દાનની વહી સરવાણી





• અનિલ ખારેચા



મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવેલ. જ્ઞાતિ દ્વારા મહાસુદ તેરસના શુભ દિવસે તારીખ ૩/૨/૨૩ ના રોજ સવારે ૬=૦૦ કલાકે મંગળા આરતી, ૭=૦૦ કલાકે પ્રભાત આરતી ૯=૩૦ કલાકે ધ્વજારોહણ ૧૨=૦૦ કલાકે શ્રૃગાર દર્શન આરતીના કાર્યક્રમો મોરબી સ્થિત જ્ઞાતિની વાડીમા શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે યોજાયેલ, બપોરે ૩=૦૦ કલાકે સરદાર બાગ, શનાળા રોડ પાસેથી શ્રી વિશ્વકર્મા દાદાની ભવ્ય શોભાયાત્રા શણગારેલ રથ, બેન્ડ, અને ગાડીઓના વિશાળ કાફલા સાથે નીકળેલ જે મોરબીના મુખ્ય માર્ગ એવા શનાળા રોડ, સ્કાય મોલ પાસે ગાંધીના પ્લોટમાં ઉભા કરવામા આવેલ શ્રી વિશ્વકર્મા ધામમાં સાંજે પુર્ણ થઈ હતી. આ શોભાયાત્રામાં રાસ ગરબાની રમઝટ સાથે જ્ઞાતિના તમામ પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રી વિશ્વકર્મા ધામ ખાતે જ મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ તથા શ્રી વિશ્વકર્મા સેવા સેતુ ગ્રુપના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લઇ ૬૩ બોટલ રક્ત એકઠુ કરેલ.

સાંજે ૬ કલાકે સંધ્યા આરતી બાદ દાતાઓ, તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયેલ જેમાં ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખશ્રી, ટ્રસ્ટી મંડળ, જ્ઞાતિના વિવિધ આગેવાનો, કાયમી ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં, સાથે મોરબી માળિયાના ધારાસભ્ય કાંતિભાઇ અમૃતિયા, ટંકારા પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઇ દેથરીયા ઉપસ્થિત રહ્યાં હતાં, આ પ્રસંગે ડો. જયંતીભાઈ ભાડેશિયા સાહેબે પ્રાસંગિક પ્રવચન દરમિયાન ખુબજ મહત્વની ઐતિહાસિક જાહેરાત કરતા જણાવ્યું કે ઘણા સમયથી મોરબીના જ્ઞાતિજનોની જે ઈચ્છા હતી કે આપણી વાળીની જગ્યા ખુબજ નાની છે, પાર્કિંગની સમસ્યાઓ છે, મોરબીમાં આપણા પરિવારો વધતા જાય છે તે જોતા હવે મોટી નવી જગ્યાનુ વિચારવુ જોઈએ, આ વાત ફક્ત ટ્રસ્ટીઓની જ નહી સમગ્ર જ્ઞાતિના મનની વાત હતી, તેથી જ્ઞાતિ દ્વારા મોરબી રાજકોટ હાઈવે પર વિરપર પાસે ૧૮૦૦૦ ફુટ જગ્યા લેવાનુ નક્કી થયું છે લગભગ એક કરોડ એંસી લાખ રકમ પણ એકત્રીત કરવા, તેના ફંડ માટે ભુદાનમા સહયોગી બનવા સૌને અપીલ કરી જ્ઞાતિજનોને દાનનુ મહત્વ સમજાવેલ. ઉપસ્થિત સૌ કોઈએ આ નિર્ણયને તાલીઓથી વધાવ્યો હતો તે સાથેજ હાજર અનેક મહાનુભાવોએ ભુદાનમા પોતાના દાનની જાહેરાત કરી આ શુભકાર્યની સુંદર શરુઆત પણ કરાવી હતી .સન્માન કાર્યક્રમ બાદ જ્ઞાતિજનોએ પ્રસાદ સ્વરૂપે સમૂહભોજન કરેલ, રાત્રે ૯કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ જેમાં શ્રીનાથજીના પદો, ભજનો સૌએ માણેલ.

શ્રી વિશ્વકર્મા દાદાની જયંતિના આ પાવન પર્વ પર ગુર્જર સુતાર જ્ઞાતિ મોરબીના સર્વે જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો જે બદલ મોરબી ગુર્જર સુતાર





જ્ઞાતિના પ્રમુખ શ્રી,વિવિધ સંગઠનોના આગેવાનો તથા સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો સાથે જ્ઞાતિ ની નવી જગ્યા માટે સૌને આગળ આવી ભુદાનમાં દાનની સરવાણી વહાવવા અપીલ કરવામાં આવી હતી.




ભુદાન દાતાશ્રીઓની યાદી : (૧) રૂા. ૫,૧૧,૧૧૧/- સ્વ.જયેશભાઇ બાબુલાલ વઘાડીયા, હ: શ્રી નકુલભાઇ જયેશભાઇ વઘાડીયા, શ્રી અર્જુનભાઇ જયેશભાઇ વઘાડીયા (૨) રૂા. ૫,૧૧,૧૧૧/- સ્વ.મોનજીભાઇ પરસોતમ ભાઇ પીલોજપરા, હ:શ્રી દિલીપભાઈ મોનજીભાઇ પીલોજપરા, શ્રી વસંતભાઈ મોનજીભાઇ પીલોજપરા, (૩) રૂા.૫,૧૧,૧૧૧/- સ્વ. વાલજીભાઈ નાનજીભાઈ છનીયારા પરિવાર, હ:શ્રી પ્રદિપભાઇ ધનજીભાઇ છનીયારા, (૪) રૂા. ૫,૧૧,૧૧૧/- ડો. શ્રી જયંતીભાઈ શાંતિભાઈ ભાડેશિયા, (૫) રૂા. ૫,૧૧,૧૧૧/- સ્વ. ઠાકરશીભાઇ પુંજાભાઇ દશાડીયા, હ:શ્રી મનીષભાઇ ઠાકરશીભાઇ દશાડીયા (૬) રૂા. ૫,૧૧,૧૧૧/- શ્રી ગોપાલભાઇ વાઘજીભાઇ ભાલારા, હ:શ્રી જસ્મીનભાઇ ગોપાલભાઇ ભાલારા (૭) રૂા. ૫,૧૧,૧૧૧/- શ્રી દિપકભાઇ વેલજીભાઇ બકરાણીયા, (૮) રૂા. ૫,૧૧,૧૧૧/- સ્વ. વાલજીભાઇ દેવકરણભાઇ ભારદીયા, હ:શ્રી મહેશભાઈ વાલજીભાઇ ભારદીયા, શ્રી વિનુભાઇ વાલજીભાઇ ભારદીયા, (૯) રૂા. ૫,૫૧,૦૦૦/- સ્વ. નારણભાઈ પી. ગરવલીયા, સ્વ. વિજયાબેન નારણભાઈ ગરવલીયા હ:શ્રી નરેશભાઇ નારણભાઈ ગરવલીયા (૧૦) રૂા. ૫,૨૧,૦૦૦/- શ્રી વિશ્વકર્મા મિત્ર મંડળ મોરબી (૧૧) રૂા.૫,૧૧,૦૦૦/- શ્રી કાન્તીભાઇ શિવલાલભાઇ અમૃતિયા, (એમ.એલ.એ. મોરબી) (૧૨) રૂા. ૫,૧૧,૧૧૧/-શ્રી રતિલાલ (વાઘજીભાઇ) પોપટભાઇ દસાડીયા પરિવાર (૧૩) રૂા. ૩,૫૧,૦૦૦/- સ્વ.લીલાધરભાઈ નારણભાઇ અંબાસણા હ: શ્રી દેવજીભાઇ (ભીખુભાઇ) લીલાધરભાઈ અંબાસણા, શ્રી નાનાલાલભાઈ લીલાધરભાઈ અંબાસણા (૧૪) રૂા. ૧,૫૧,૦૦૦/- શ્રી ચીમનલાલ પ્રભુભાઇ દુદકીયા હ: શ્રી લક્ષ્મીકાંતભાઇ ચીમનલાલ દુદકીયા (૧૫) રૂા.૧,૫૧,૦૦૦/- શ્રી પ્રશાંતભાઇ ચંદુભાઇ વઘાડીયા (૧૬) રૂા. ૧,૧૧,૧૧૧/- સ્વ. મેઘજીભાઇ રણછોડભાઇ દુદકીયા, હ:ગં.સ્વ. જયાબેન મેઘજીભાઇ દુદકીયા (૧૭) રૂા. ૧,૧૧,૧૧૧/- શ્રી ગીરધરભાઈ કરશનભાઇ ધ્રાંગધરીયા, હ: શ્રી પ્રદિપભાઇ ગીરધરભાઈ ધ્રાંગધરીયા (૧૮) રૂા. ૧,૧૧,૧૧૧/- સ્વ. બીનાબેન ભગવાનજીભાઇ પંચાસરા, સ્વ. રંજનબેન ભગવાનજીભાઇ પંચાસરા, હ: શ્રી પિયુષભાઇ(પિન્ટુભાઇ) ભગવાનજીભાઇ પંચાસરા, (૧૯) રૂા. ૫૧,૦૦૦/- શ્રી હર્ષદભાઈ કાનજીભાઈ વડગામા (૨૦) રૂા. ૫૧,૦૦૦/- સ્વ. દેવકરણભાઈ હરિભાઇ તલસાણીયા, હ: શ્રી જયંતભાઇ દેવકરણભાઈ તલસાણીયા (૨૧) રૂા. ૨૫૦૦૦/- સ્વ. પિતાંબરભાઇ જાદવજીભાઇ જાદવાણીહ: શ્રી નરેશભાઇ પિતાંબરભાઇ જાદવાણી, (૨૨) રૂા. ૨૧૦૦૦/- સ્વ.લાભુબેન મકનજીભાઇ સાંકડેચા, હ: શ્રી પ્રવિણભાઈ મકનજીભાઇ સાંકડેચા,તથા પ્રદિપભાઇ મકનજીભાઇ સાંકડેચા (૨૩) રૂા. ૧૧,૧૧૧/- શ્રી કાંન્તીભાઇ ગોપાલભાઇ દુદકીયા (૨૪) રૂા. ૧૧,૦૦૦/- સ્વ. નર્મદાબેન દેવકરણભાઈ તલસાણીયા, હ : જયોતિબેન જયંતભાઇ તલસાણીયા

ભુદાન કરવા માટે નીચેના નંબર પર સંપર્ક કરવો : શ્રી રતિલાલ (વાઘજીભાઇ) પી. દશાડીયા - ૯૪૨૬૯ ૪૨૩૦૬, શ્રી પ્રદિપભાઇ ડી. છનીયારા-૯૮૨૫૩ ૮૨૮૯૭, શ્રી જસ્મીનભાઈ જી. ભાલારા - ૯૮૨૫૨ ૭૮૫૭૬, શ્રી જગદિશભાઇ ડિ. ખારેચા-૯૩૭૪૮ ૧૭૨૬૨, શ્રી મહેશભાઇ વી. ભારદીયા-૯૬૮૭૫ ૬૬૦૪૪

# પોરબંદર : શ્રી વિશ્વકર્મા જયંતીની ભાવભીની ઉજવણી







પોરબંદર ગુર્જર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા પ્રભુજીની જન્મજયંતી શ્રદ્ધા ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. વિશ્વકર્મા જયંતીની ઉજવણી ઉત્સવમાં સમિતિમાં નક્કી થયા પ્રમાણે પ્રમુખશ્રી મુકેશભાઇ કાંતીલાલ બકરાણિયાના અધ્યક્ષસ્થાને આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સૌપ્રથમ વિશ્વકર્મા પ્રભુજીના પુજન અર્ચનમાં ગત વર્ષના નવપરિણીત યુગલ ‘શ્રી વિવેકભાઇ જયેન્દ્રભાઇ વડગામા, વિશાલભાઇ રાજેશભાઇ ઉમરાણીયા તથા અક્ષયભાઇ પ્રવીણભાઇ ચાંપાનેરા સજોડે બેઠા હતા. ઉપરાંત જ્ઞાતિના વડીલો, ભાઇઓ, બહેનો અને બાળકોએ વિશ્વકર્મા દાદાની પુજનવિધિનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

ત્યારબાદ જ્ઞાતિની જનરલ મિટીંગની શરૂઆત કરવામાં આવી હતી. આ જનરલ મિટીંગની કાર્યવાહી નીતિશભાઇ કુમનલાલ બકરાણીયાએ સંભાળી હતી. જેમાં ચાલુ વર્ષે જ્ઞાતિભવનમાં જુની ઓફિસનું નવનિર્માણ કરેલ તેમાં થયેલ ખર્ચની વિગતોનો અહેવાલ તથા શૈક્ષણિક અહેવાલ વિસ્તારપૂર્વક જ્ઞાતિજનોને જણાવેલ અને આ કાર્યમાં સહભાગી બની અને જ્ઞાતિને આર્થિક સહાય આપેલ આવા દાતાશ્રીઓના નામ જાહેર કર્યા હતા અને તેમનું પ્રશંસાપત્ર તથા સાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

જેમાં સૌપ્રથમ આજની મહાપ્રસાદીના દાતા રાજેશભાઇ જમનભાઇ ઉમરાલિયાનું પ્રશંસાપત્ર તથા સાલ અર્પણ કરી પ્રમુખ મુકેશભાઇ બકરાણીયા દ્વારા અભિનંદન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ જ્ઞાતિભવનમાં નવ નિર્માણ ઓફિસમાં સીસીટીવી ફુટેજ માટે સોની કંપનીનું અંદાજીત ૨૬,૫૦૦નું ડિસ્પ્લે આપવા બદલ જ્ઞાતિ સભ્ય અંકિતભાઇ યશવંતભાઇ વિરમગામાનું પ્રશંસાપત્ર તથા સાલ અર્પણ કરી અભિનંદન વ્યકત કર્યુ હતું.

આ પ્રસંગે જ્ઞાતિના ભૂતપૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઇ તુલસીભાઇ સુરેલીયા ઉપસ્થિતિ હોય તેમને જ્ઞાતિજનોને જ્ઞાતિના કાર્યો માટે બીરદાવ્યા હતા. તેમજ જ્ઞાતિના ભૂતપૂર્વ ટ્રસ્ટી કિરીટભાઇ હિંમતલાલ પંચાસરા આ પ્રસંગે ઉપસ્થિત હોય તેમણે જ્ઞાતિની નવી સમિતિ તેમજ યુવા કાર્યકરો દ્વારા ઉત્સાહપૂર્વકના અને વિકાસના કાર્યો કરવા માટે સૌને બિરદાવ્યા હતા અને હજુ પણ સમાજને આગળ વિકાસની દિશામાં લઇ જવા માટે આશીર્વચનો પાઠવેલ હતા. આ પ્રસંગે આજની મહાપ્રસાદજીના દાતા તેમજ અગાઉના ૩ વર્ષના મહાપ્રસાદીના દાતા, વર્ષ દરમિયાન જ્ઞાતિ કાર્યમાં અનુદાન આપનાર દાતાઓ તથા સમારંભના વ્યવસ્થાપક યુવા કારોબારીના સભ્યો તથા જ્ઞાતિના વડીલો, ભાઇઓ અને બહેનો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી તથા સૌ જ્ઞાતિજનોએ સાથે મહાપ્રસાદનો લાભ લીધો હતો અને ત્યારબાદ પ્રસંગની પૂર્ણાહુતિ કરેલ હતી.

**(અહેવાલ : નીતિશ બકરાણિયા)**

# શ્રી ગુર્જર સુથાર સમાજ અમરેલી દ્વારા સ્નેહમિલન તથા સન્માન સમારોહ યોજાયો









વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ-ગુર્જર સુથાર સમાજ અમરેલી દ્વારા તા. ૧૯-૨-૨૩ રવિવારના રોજ દતમંદિર સત્સંગ હોલ ખાતે સ્નેહમિલન તેમજ સન્માન સમારોહ યોજાઇ ગયો. આ પ્રસંગે સવારે શ્રી વિશ્વકર્મા દાદાની પુજા-અર્ચના કરવામાં આવી હતી.

સન્માન સમારોહ રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ. આ પ્રસંગે ગુજરાતના વિવિધ શહેરોમાંથી પધારેલા ગુર્જર સુથાર સમાજ જ્ઞાતિના પ્રમુખ, મંત્રી તથા વિવિધ હોદ્દેદારોનું તેમજ દાતાશ્રીઓનું અમરેલી સમાજના પ્રમુખ અરૂણભાઇ તથા ઉપપ્રમુખ વિશાલભાઇ તેમજ કમિટી મેમ્બરો દ્વારા પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી સમ્માન કરવામાં આવેલ. જ્ઞાતિના પ્રમુખ અરૂણભાઇના પુત્રને અકસ્માતમાં ગંભીર ઇજા થઇ હોવા છતાં જ્ઞાતિ પ્રત્યેની ફરજના ભાગરૂપે કાર્યક્રમમાં હાજરી આપી હતી.

આ પ્રસંગે રસીકભાઇ બદ્રકિયાએ જણાવ્યું હતુ કે સમાજનું દરેક કાર્ય હું કરું છું તેમ નહીં પણ અમે કરીએ છીએ તે રીતે કાર્ય કરીએ તો સમજ જરૂર પ્રગતિના પંથે આગળ વધે તેમજ સિહોર જ્ઞાતિના મંત્રી મનસુખભાઇ કનોજીયાએ જણાવ્યું હતુ કે, સમાજમાં આપણે વિશ્વકર્માના વંશ જ એટલે ઉચ્ચ વિચાર હોવા જોઇએ અને સમાજમાં એકબીજાને મદદરૂપ બનવાની ભાવના રાખવી જોઇએ આ પ્રસંગે પધારેલા અન્ય હોદ્દેદારોએ પણ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. બપોરે પધારેલા મહેમાનો તથા જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધો હતો.

બપોર બાદ સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજજર લિખીત 'સૃષ્ટિના સર્જનહાર વિશ્વકર્મા' નાટક સુરેન્દ્રનગરથી પધારેલ કલાકારોની ટીમે રજુ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી પ્રમુખશ્રી અરૂણભાઇએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં જ્ઞાતિના પ્રમુખ, કમિટી મેમ્બરોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન વિશ્વકર્મા વંશજ કારીગર ટ્રસ્ટના ઉપપ્રમુખ પ્રફુલભાઇએ કર્યું હતું.

**અહેવાલ : મનસુખભાઇ કનેજીયા**


છોટુભાઇ દામજીભાઇ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઇ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭

મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭

**વાલંભિયા બોડી બિલ્ડર્સ**

દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ



જકાતનાકા સામે, દેવાભાઇના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯

ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# સુરેન્દ્રનગરમાં સમુહલગ્ન યોજાયા

• દિનેશ ગજ્જર









શ્રી સમસ્ત ગુર્જર સુથાર સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતીની ઉજવણી તા.૦૩-૦૨-૨૦૨૩ના રોજ કરવામાં આવી અને આ પાવન દિવસે ૩૩માં સમુહલગ્નોત્સવનું પણ આયોજન કરવામાં આવેલ. શ્રી વિશ્વકર્મા બાગ, રતનપર ખાતે જ્ઞાતિજનોએ સમૂહ પ્રસાદ લીધો અને ૮૨ દાતાઓએ દીકરીઓને કરિયાવરમાં સોના-ચાંદી સહિતની અલગ-અલગ વસ્તુઓ ભેટ આપી હતી. ઉજવણીના અંતમાં ટ્રસ્ટના પ્રમુખશ્રીએ દાતાઓનું સન્માન કર્યું હતું.

# સુરેન્દ્રનગરમાં દર મહિને ડાયાબીટીસ કેમ્પ







પ્રવર્તમાન સમયમાં ડાયાબિટીસનું પ્રમાણ વધતું જાય છે ત્યારે ડાયાબિટીસના દર્દીનો કંટ્રોલ રાખી શકે અને દર મહિને રિપોર્ટીંગ જાણી શકે તે માટે ડાયાબિટીસ અને બી.પી.ના દર્દીઓ માટે લાયન્સ ક્લબ ઓફ સુરેન્દ્રનગર ક્રાઉન અને શ્રી સમસ્ત ગુર્જર સુથાર સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી વિશ્વકર્મા બાગ રતનપર ખાતે દર મહિનાના પહેલા રવિવારે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન ડાયાબિટીસ અને બીપી ચેકઅપ કરવામાં આવશે અને નિષ્ણાત ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. તા.૦૫-૦૨-૨૦૨૩ના રોજ ૫૫ લોકોએ ડાયાબિટીસ અને બી.પી. ચેક કરાવ્યુ. વિશેષમાં ક્રિષ્ના હોસ્પિટલના નિષ્ણાત ડો. રાજદીપસિંહ સોલંકીએ ક્રિટિકલ પરિસ્થિતિમાં કોઈને એટેક આવતો હોય ત્યારે કેવી પ્રાથમિક સારવાર કરીને એને બચાવી શકાય એ માટે ખુબ સરસ રીતે ડેમો આપીને સમજાવ્યું અને દરેકને સ્વાસ્થ્યની કાળજી માટેની માહિતી આપી હતી. ટ્રસ્ટના પ્રમુખશ્રી અને લાયન્સ ક્લબના પ્રમુખશ્રીએ ડો. રાજદીપસિંહ સોલંકીનું સન્માન કરીને આભાર વ્યક્ત કર્યો હતો. આ સેવાકાર્ય દર મહિનાના પહેલા રવિવારે કરવામાં આવશે જેનો નિયમિત લાભ લેવા જાહેર જનતાને આપીલ છે.

# ગોવિંદીયા પરિવારનું યોજાયુ સ્નેહમિલન





ગોવિંદીયા પરિવારના દેવસ્થાન ખાટલી મુકામે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમદાવાદ, ગોંડલ, ઢાંક, આણંદપર, લંડન અને રાજકોટથી ગોવિંદીયા પરિવારના ભાઇ-બહેનો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભ પહેલા સૌએ કુળદેવી અને સુરાપુરાદાદાના દર્શન કરી વર્ષની શરૂઆતમાં આશીર્વાદ મેળવ્યા.

સૌ બાળકો, યુવાનો વડીલો એકબીજાને મળ્યા અને આ સ્નેહમિલનથી બાળકો, યુવાનો બધાને ઓળખે અને વડીલોના આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ ધોરણ ૧ થી ૧૨ના હાજર રહેલા બાળકોને વાર્ષિક પરીક્ષા રીઝલ્ટના શિલ્ડ ઇનામો આપી પ્રોત્સાતિ કર્યા આ રીતે પ્રોત્સાહન મળે તો બાળકો આવતા થાય અને બધાને ઓળખે ઇનામ વિતરણ બાદ આ ગોવિંદીયા પરિવારના સૌથી વડીલ અને પાયાના પત્થર સમાન હિંમતભાઇ ગોવિંદીયા સ્થાપક પ્રમુખ તરીકે જે કાર્ય કરી રહયા હતા તેઓએ ગોવિંદીયા પરિવારનું બંધારણ કરી કમિટી બનાવી પાનકાર્ડ કરાવી શ્રી ગોવિંદીયા પરિવાર દેવસ્થાનનું ખાતુ ખોલાવી આપી નવા પ્રમુખ અને કમિટીને કાર્યભાર સોંપ્યો.

વય મર્યાદા અને તબિયત સારી ન રહેવાથી તેઓએ રાજીનામુ મુકતા શ્રી ચમનભાઇ ગોવિંદીયાએ માન્ય રાખી અને કહયુ કે તમે તો અમારી સાથે જ છો, હિંમતભાઇ ગોવિંદીયા દાદા આ ઉમદા કાર્યનો આભાર પ્રમુખશ્રી એ માન્યો. અમો હંમેશા તમારા માર્ગદર્શકમાં રહીશ એવો વિશ્વાસ આપ્યો, ત્યારબાદ સૌએ મળી ભોજન પ્રસાદ લીધો. કાર્યક્રમનું સંચાલન માલતીબેન મેસવાણીયા, ઇલાબેન ગોવિંદીયા તથા શ્રુતિબેન ગોવિંદીયાએ કર્યું હતું તેમ પ્રમુખ ચમનભાઇ ગોવિંદીયાએ જણાવ્યું હતું.

**અહેવાલ : માલતીબેન મેસવાણિયા**


# સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ દ્વારા વિશ્વકર્મા જન્મ જયંતી મહોત્સવ ઉજવાયો





સિહોર પ્રાકૃતિક કુદરતી રમણીય સ્થળ હનુમાન દ્વારાના સાનિધ્યમાં વિશ્વકર્મા જન્મ જયંતી મહોત્સવ નિમિત્તે સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિજનો વેપારી મિત્રો રાજકીય સામાજીક અને પત્રકાર મિત્રોની હાજરીમાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી. સવારે પુજા અર્ચના બાદ છપ્પન ભોગ મનોરથ તેમજ એકસો આઠ દિવડાની મહાઆરતી કરવામાં આવી. ત્યારબાદ મહાપ્રસાદ સૌ જ્ઞાતિજનો વેપારી મિત્રો રાજકીય સામાજીક આગેવાનોએ લીધો. મહાપ્રસાદના દાતા શ્રી સ્વ. નિર્મળાબેન પોપટભાઇ કનોજીયાના સ્મરણાર્થે. હસ્તક, પોપટભાઇ રામજીભાઇ, મનસુખભાઇ કનેજીયા, મહામંત્રી સિંહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ, રાજેન્દ્ર કનોજીયા, ધર્મેન્દ્ર કનેજીયા, બાબુભાઇ લલ્લુવાડિયા, ધનસુખભાઇ વડગામા તા. અંદાજે એકસો પચાસથી બસો જ્ઞાતિજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ સાથે કેટલાય વર્ષોથી જ્ઞાતિ માટે જગ્યા લેવાનો પ્રશ્ન હતો તે આ વર્ષે જ્ઞાતિની વાડી માટે જગ્યા સર્વાનુમતે લઇ બાનું, જ્ઞાતિજનોની હાજરીમાં આપવામાં આવેલ. સર્વો જ્ઞાતિજનોએ હર્ષની લાગણી વ્યકત કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે જ્ઞાતિના પ્રમુખ હર્ષદભાઇ ધ્રાંગધરીયા તેમજ સર્વો જ્ઞાતિજનો વેપારી મિત્રો, રાજકીય-સામાજીક આગેવાનો તેમજ જ્ઞાતિ મંડળના સિનિયર તેમજ યુવા મેમ્બરોએ સારી જહેમત ઉઠાવી હતી. ખાસ મહિલા મેમ્બર રંજનબેન વડગામાએ એકસો આઠ દિવડા અને છપ્પન ભોગ મનોરથ માટે સંપૂર્ણ જહેમત ઉઠાવી હતી.

# શ્રી વિશ્વકર્મા સમાજ જુનાગઢ દ્વારા વિશ્વકર્મા જયંતીની શોભાયાત્રા તથા પુજા અર્ચન સાથે ઉજવણી







• રાજુભાઇ કરગથરા

વિશ્વકર્મા સમાજ જુનાગઢ દ્વારા તા. ૩-૨-૨૩ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી ગીરનાર દરવાજા પાસે આવેલ સમાજની વાડી ખાતે ધામધુમપૂર્વક ઉજવવામાં આવેલ.

આ પ્રસંગે વહેલી સવારે વિશ્વકર્મા દાદાનું પુજન-અર્ચન તથા કરવામાં આવેલ તેમજ કથાનું આયોજન પણ કરવમાં આવેલ. ત્યારબાદ વિશ્વકર્મા દાદાની રથયાત્રા કાઢવામાં આવેલ રથને તથા ઢોલને બહેનો તથા સેવા સમિતિના સભ્યોએ શણગારેલ રથયાત્રા મંદિરેથી નીકળીને વાઘેશ્વરી મંદિર ફરીને દાદાના મંદિરે પરત ફરેલ.

આ પ્રસંગે દાદાના મંદિર, ગૃભગૃહ તથા દાદાના રથને કેસુડાના ફુલથી શણગારવામાં આવેલ. બપોરે જ્ઞાતિ સમુહ ભોજન રાખવામાં આવેલ. જેમાં જુનાગઢ શહેર તથા જુનાગઢના ગ્રામ્ય વિસ્તારના જ્ઞાતિજનો મળી આશરે ૧૫૦૦ થી ૧૭૦૦ જેટલા જ્ઞાતિજનોએ ભોજન પ્રસાદ લીધો હતો. આ પ્રસંગે જુનાગઢના ધારાસભ્ય સંજયભાઇ કોટડીયા પણ ઉપસ્થિત રહેલ અને દાદાના દર્શનનો લાભ લીધો હતો. અને ઉપસ્થિત જ્ઞાતિજનોને સમાજના કોઇપણ પ્રશ્ન હોય તો નિરાકરણ કરી આપવાનું સમાજને વચન આપ્યું હતૂં અને અત્યાર સુધીમાં આપણા સમાજમાં ધારાસભ્યની વગર આમંત્રણે દાદાના દર્શને પધાર્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. બપોર બાદ સમાજની સાધારણ સભા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ અને રાત્રે પણ લગભગ ૩૫૦-૪૦૦ જેટલા સભ્યોએ રાત્રી ભોજન લીધેલ.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીની પૂર્વ તૈયારીથી માંડીને સમાપન સુધી વિશ્વકર્મા સમાજ જુનાગઢની નવી રચાયેલ સમિતિના પ્રમુખ રાજુભાઇ કરગથરા, ઉપપ્રમુખ કનુભાઇ સીતાપરા, મંત્રી વિનુભાઇ સીતાપરા તથા સભ્યોમાં ગીરધરભાઇ કરગથરા, ગુણવંતભાઇ આહલપરાના માર્ગદર્શન હેઠળ રચાયેલ સેવા સમિતિના અધ્યક્ષ દિપકભાઇ વડગામા, પ્રમુખ પ્રિયંકભાઇ કરગથરા, ઉપપ્રમુખ વિનોદભાઇ (કાનાભાઇ) વિશરોલીયા, સંગઠનમંત્રી નરેન્દ્રભાઇ ભકોડીયા, સહસંગઠનમંત્રી ધવલભાઇ વિશરોલીયા, મેહુલભાઇ વડગામા, પ્રદિપભાઇ કરગથરા, કાળુભાઇ અડીયેચા, નાથાભાઇ સીનરોજા, સુનીલભાઇ પંચાસરા તેમજ સેવા સમિતિના નામી-અનામી સભ્યો બહેનોએ દિવસ રાત સતત સેવા કરી વિશ્વકર્મા જયંતીની ઉજવણીને ચાર ચાંદ લગાવી દીધેલ.

# શિવરાત્રિ મેળામાં વિશ્વકર્મા સમાજ જુનાગઢ દ્વારા અન્નક્ષેત્ર તથા પાણીના પરબની સેવા

મહાશિવરાત્રિ એટલે જુનાગઢ માટે મહાપર્વ તરીકે ઉજવવામાં આવે છે. શિવરાત્રીએ ગરવા ગીરનારની ગોદમાં આવેલ ભવનાથ મંદિરમાં સાનિધ્યમાં શિવરાત્રીનો મેળો યોજાય છે. આ દિવસોમાં જુનાગઢ લાખો શ્રદ્ધાળુઓ પધારે છે. ત્યારે ગીરનાર દરવાજા પાસે આવેલ વિશ્વકર્મા સમાજની વાડી ખાતે શિવરાત્રી પર્વ નિમિત્તે જયારથી ભવનાથ મહાદેવના મંદિરે ધજા બંધાય છે ત્યારથી આઠ દિવસ સુધી સમાજ ખાતે અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે તથા ત્રણ દિવસ સુધી શિવરાત્રિ મેળામાં જતા શ્રદ્ધાળુ માટે બરફવાળુ ઠંડુ પાણી આપવામાં આવે છે.



આ અન્નક્ષેત્રનો સમાજની જગ્યામાં ઉતારો મેળવનાર તથા અન્ય યાત્રાળુઓ લાભ લ્યે છે. આ અન્નક્ષેત્ર માટે જુનાગઢ શહેર, ઉતારો મેળવનાર યાત્રાળુઓ ઉપરાંત રાજકોટ, જામનગર, અમદાવાદ, રસનાળ(ટંકારા), ભાવનગર, ગોંડલ, મુંબઇ, સુરત, વડોદરા વગેરે શહેરોના દાતાશ્રીઓ દ્વારા દાન મળેલ. આ અન્ન ક્ષેત્રના આયોજનમાં કારોબારી સમિતિના પ્રમુખ રાજુભાઇ કરગથરા તથા કારોબારી સમિતિના સભ્યો તેમજ સેવા સમિતિના અધ્યક્ષ દિપકભાઇ વડગામા તથા સેવા સમિતિના સેવાભાવી ભાઇઓ-બહેનોએ બધા જ દિવસોમાં સેવા આપવા ખડે પગે રહયા હતા અને યાત્રાળુઓની સેવામાં રત રહયા હતા.

# ગુર્જર સુતાર જ્ઞાતિ ગોંડલ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી








ગોંડલ ખાતે ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ભોજરાજપરામાં આવેલ જ્ઞાતિની વાડી વિશ્વકર્મા પ્રસાદ ખાતે તા. ૩-૨-૨૩ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે સવારે વિશ્વકર્માદાદાની પુજા-અર્ચના તથા આરતી કરવામાં આવેલ. પુજામાં શ્રીમતી જાગૃતીબેન તથા શ્રી જયેશભાઇ નટુભાઇ ખંભાયતા બેઠા હતા. સવારે ૧૦ વાગ્યે જ્ઞાતિજનોની મિટીંગ રાખવામાં આવેલ. મિર્ટીંગમાં પ્રમુખશ્રી જયસુખભાઇ નગેવાડીયાએ જણાવ્યું હતું કે આપણી જ્ઞાતી માટે ૧૫૦ પ્લાસ્ટીકની ખુરશી તથા ૩૦૦ સ્ટીલના બુફે સેટની જરૂરીયાત હોવાથી વિશ્વકર્મા જયંતી પહેલા પરેશભાઇ અમુભાઇ ભાડેશીયા તથા અંકિતભાઇ હર્ષદભાઇ ખંભાયતાએ લોન પેટે રકમ આપી આ ખરીદી કરી લીધેલ છે. જ્ઞાતિજનોને ખુરશી તથા બુફે સેટ નોંધાવવા અપીલ કરતા મુળ ગોંડલના અને હાલ લંડન રહેતા ચેતનભાઇ શામજીભાઇ ભાડેશીયાએ ૨૫૦ બુફે સેટ નોંધાવેલ અને પ્રમુખશ્રીએ જયસુખભાઇએ ૫૧ ખુરશી નોંધાવેલ. બાદમાં દરેક જ્ઞાતિજનોએ યથાશકિત ખુરશી તથા બુફેસેટ નોંધાવતા ટાર્ગેટ પુરો થઇ ગયેલ. જ્ઞાતિજનોએ મુખ્ય દાતા ચેતનભાઇ તથા લોન પેટે રકમ આપનાર પરેશભાઇ તથા અંકિતભાઇનો આભાર માનેલ.

બપોરે ૧૧ થી ૧૨ બાળકો તથા મહિલાઓ માટે મ્યુઝીકલ ચેરની રમત રાખવામાં આવેલ. જેમાં વિજેતા બાળકો તથા મહિલાઓને જ્ઞાતિ તરફથી પ્રોત્સાહક ઇનામો અપાયા હતા. બપોરે જ્ઞાતિ સમુહ ભોજન રાખવામાં આવેલ જેમાં ગોંડલ ઉપરાંત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના જ્ઞાતિજનો મળી અંદાજે ૨૫૦ જેટલા જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો હતો.

આમંત્રણ પત્રિકા સ્વ. અનિલભાઇ ગોરધનભાઇ ગોવિંદીયા પરિવાર તરફથી આપવામાં આવેલ તેમજ માઇક તથા સાઉન્ડ સર્વિસની સેવા આયોજન હસુભાઇ ભાડેશીયા તરફથી આપવામાં આવેલ.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીને સફળ બનાવવામાં ટ્રસ્ટીઓમાં સતિષભાઇ ગોવિંદીયા, ભરતભાઇ તલસાણિયા તથા પરેશભાઇ ભાડેશીયા તેમજ પ્રમુખશ્રી જયસુખભાઇ નગેવાડીયા, ઉપપ્રમુખ પિયુષભાઇ ઘોરેચા, ખજાનચી-મંત્રી કલ્પેશભાઇ કથ્રેચા તેમજ કારોબારી સભ્યોમાં દિપકભાઇ ભાડેશીયા, જનકભાઇ જોલાપરા, વિવેકભાઇ ગોવિંદીયા, બિરેનભાઇ ભાડેશીયા, જીતુભાઇ વડગામા, દિપકભાઇ કલોલીયા, નરેશભાઇ વિરમગામા તથા હિતેષભાઇ ઘોરેચાએ જહેમત ઉઠાવેલ.

**અહેવાલ : જયસુખભાઇ નગેવાડિયા**




Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, ક્લાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

# ઉપલેટામાં શોભાયાત્રા સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી

## સુથાર સમાજ તથા લુહાર સમાજ દ્વારા સંયુકત રીતે શોભાયાત્રા કાઢી






ગુર્જર સુથાર જ્ઞાતિ ઉપલેટા દ્વારા તા. ૩-૨-૨૩ના રોજ વિશ્વકર્મા જયંતી ઉત્સવ ભાવપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે સવારે ૬.૩૦ કલાકે મંગળા આરતી, ૭ વાગ્યે મહાપુજા, ૭.૩૦ કલાકે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ. ત્યારબાદ ૧૦ વાગ્યે ધ્વજારોહણ કરવામાં આવેલ. બાદમાં ૧૦.૪૦ કલાકે મહાઆરતી કરવામાં આવેલ. આ પુજા ધ્વજારોહણ તથા યજ્ઞના સ્પોન્સર બાબુભાઇ કારાભાઇ ખોરદીયા પરિવારએ આ ધાર્મિક વિધીનો લાભ લીધો હતો. બપોરે ૧૧.૩૦ કલાકે સમુહપ્રસાદીનો લાભ ઉપલેટા શહેર તથા તાલુકાના દરેક ગામથી પધારેલા જ્ઞાતિજનોએ લીધો હતો.

બપોર બાદ ૩ કલાકે શોભાયાત્રાનું આયોજન વિશ્વકર્મા વંશના ગુર્જર સુતાર જ્ઞાતિ તેમજ લુહાર જ્ઞાતિના જ્ઞાતિજનોએ સાથે મળીને કરેલ. જેમાં ૪૦૦ જેટલા લોકો જોડાયા હતા. શોભાયાત્રા લુહાર સમાજ મનાલી હોલથી શરૂ કરીને શોભાયાત્રામાં વિવિધ ફલોટ તથા રાસગરબારની રમઝટ બોલાવતા ઉપલેટા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરીને સાંજે ૭ વાગ્યે વિશ્વકર્મા મંદિરે પૂર્ણ થઇ હતી. સાંજે ૭.૧૫ કલાકે મહાઆરતીમાં બહોળી સંખ્યામાં વિશ્વકર્મા વંશજોએ આરતીનો લાભ લીધો હતો.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીને સફળ બનાવવા કારોબારી કમિટીના પ્રમુખ સુરેશભાઇ છત્રાલીયા, ઉપપ્રમુખ પ્રતાપભાઇ વેકરીયા, મંત્રી લલતિભાઇ કરગથરા, સહમંત્રી જીતુભાઇ ઘોરેચા તેમજ સભ્યોમાં ધીરુભાઇ ખોરદીયા, સંજયભાઇ વડગામા, કમલેશભાઇ વેકરીયા, કમલેશભાઇ ભાડેશીયા, કલ્પેશભાઇ ઘોરેચા, મહેન્દ્રભાઇ છત્રાલીયા, દિપકભાઇ સંચાણીયા, ઇલેષભાઇ કરગથરા તેમજ જેન્તીભાઇ બકરાણિયા તેમજ સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવેલ.

**અહેવાલ : પ્રમુખશ્રી સુરેશભાઇ છત્રાલીયા**

# શ્રી વિશ્વકર્મા ગુર્જર સુથાર સમાજ કેશોદ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી





શ્રી વિશ્વકર્મા ગુર્જર સુથાર સમાજ કેશોદ દ્વારા તા. ૩-૨-૨૩ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી આંબાવાડીમાં આવેલ સમાજની વાડી ખાતે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે સવારે ૯ કલાકે વિશ્વકર્મા દાદાની આરતી તથા પુજન કરવામાં આવેલ. બાદમાં ૧૦ વાગ્યે દાદાની શોભાયાત્રા વાજતેગાજતે કાઢવામાં આવેલ. જેમાં જ્ઞાતિજનો જોડાયા હતા. બાદમાં બપોરે ૧૨.૩૦ કલાકે જ્ઞાતિજનો માટે મહાપ્રસાદનું આયોજન હતું.જેમાં જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો હતો. બપોર બાદ ૩ વાગ્યે જ્ઞાતિજનો જનરલ મિટીંગ રાખવામાં આવેલ. જેમાં જ્ઞાતિ અંગે ચર્ચાવિચારણા કરવામાં આવેલ. આ વખતના મહાપ્રસાદ (ભોજન સમારંભ)ના દાતા મનસુખભાઇ મુળજીભાઇ ચંદવાણીયા તથા ક્રિષ્નાબેન વજુભાઇ કંડોરીયા પરિવાર રહયા હતા. આ વિશ્વકર્મા જયંતી મહોત્સવના આયોજનને સફળ બનાવવા પ્રમુખ કિશોરભાઇ ખોરદીયા, ઉપપ્રમુખ મહેશભાઇ ઉજૈનીયા, મંત્રી હિતેષભાઇ બકરાણિયા, ખજાનચી ઇશ્વરભાઇ ચંદવાણીયા તેમજ સમગ્ર કારોબારી સમિતિના સભ્યો તેમજ સેવાભાવી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : હિતેષભાઇ બકરાણિયા**

**સૌરાષ્ટ્રનાં ગામ-શહેરમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણીના સમાચારોનું સંકલન : જયંતીભાઇ નગેવાડિયા**

# વાંકાનેર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી

## રાંદલ માતાજી અને સુર્યનારાયણની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી







ગુર્જર સુતાર જ્ઞાતિ વાંકાનેર દ્વારા જીનપરામાં આવેલ શ્રી વિશ્વકર્મા મંદિર વાંકાનેર, દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ અને રાંદલ માતાજી તથા શ્રી સુર્ય નારાયણની મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા,૩/૨/૨૦૨૩ મહાસુદ ૧૩ને શુક્રવાર ના રોજ યોજવામાં આવેલ હતો, જેમાં રાંદલ માતાજી તથા સુર્ય નારાયણની શોભાયાત્રા, વિશ્વકર્મા પ્રભુની મહા આરતી, જ્ઞાતિ બંધુઓની મિટિંગ, વિદ્યાર્થીઓને પુરસ્કાર, તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ, જેમાં ગુ.સુ.જ્ઞાતી યુવક મંડળ. ગુ.સુ.જ્ઞાતી ધુન મંડળ, પ્રમુખ વિનુભાઇ પિલોજપરા, ઉપપ્રમુખ જયંતીભાઈ કે.બદ્રકિયા, મંત્રી મહેશભાઈ ભાડેશિયા, તેમજ કારોબારીના સર્વે સભ્યોએ ખુબ જ મહેનત અને ખંતથી આ પ્રસંગને શોભાવ્યો,રાંદલ માતાજીની પ્રથમ ધ્વજા શ્રી રમેશભાઈ ધ્રાંગધરિયા એ ૨૧ હજાર ની, બોલી પર ચડાવી, રાંદલ માતાજીની પ્રથમ આરતી જયંતીભાઈ જે. બદ્રકિયાએ ૫૧હજારની બોલી પર ચડાવી. આ ઉત્સવમાં, મહાપ્રસાદના દાતાશ્રી વિશ્વકર્મા મહિલા ધુન મંડળ, રાંદલ માતાજી તથા સુર્ય નારાયણની મુર્તિ નાં દાતા મનસુખલાલ રાઘવજીભાઈ ભાડેશિયા, રાંદલ માતાજીના મંદિરને લાકડા ના નકશીકામ વાળા ફ્રેમ અને દરવાજાના દાતા ગોરધનભાઈ રાઘવજીભાઈ ભાડેશિયા હતાં સાઉન્ડ સિસ્ટમના દાતા શ્રી હસમુખભાઈ કે.બદ્રકિયા હતા. **(અહેવાલ : હસમુખ બદ્રકિયા)**

# તાલાલા(ગીર)માં વિશ્વકર્મા જયંતીની ઉજવણી





તાલાલાગીર ખાતે શ્રી વિશ્વકર્મા પરિવાર મંડળ દ્વારા તા. ૩-૨-૨૩ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે વિશ્વકર્મા દાદાની પુજા-આરતી કરવામાં આવેલ. પુજા માટે હાજર જ્ઞાતિજનોનો ડ્રો કરવામાં આવેલ જેમાં ડ્રોમાં ભાગ્યશાળી બનનાર રાજુભાઇ જાદવાણી પરિવાર પુજામાં બેઠા હતાં. આ પ્રસંગે હાજર જ્ઞાતિજનોની મિટીંગ મળેલ જેમાં બાજુમાં ૧૦૦ વાર જેટલી જગ્યા છે તેમાં છાપરુ બનાવી રસોડુ બનાવવાનું નક્કી કરવામાં



આવેલ. તેમજ અભ્યાસ કરતા જ્ઞાતિના બાળકોને નોટબુક વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે તલાલા ગામના તેમજ તલાલા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર જ્ઞાતિજનોએ હાજરી આપી હતી અને બપોરે સૌએ સમુહભોજન લીધેલ.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં જ્ઞાતિના પ્રમુખ ગોપાલભાઇ વડગામા, મંત્રી મહેશભાઇ પંચાસરા, ખજાનચી સુદ્રાભાઇ તથા સહમંત્રી હિરેનભાઇ તલસાણિયા સહિતનાએ જહેમત ઉઠાવેલ. **(અહેવાલ : મહેશ પંચાસરા)**

# મણીનગર ગુ.સુ. સમાજ નવા પ્રમુખ તરીકે જીતેન્દ્રભાઇ સચાણીયા

## ૧૮ વર્ષ બાદ સંસ્થામાં પરિવર્તનનો પવન ફુંકાયો અને સંસ્થાને મળ્યા ઉચ્ચ શિક્ષિત પ્રમુખ

અમદાવાદમાં આવેલ મણીનગર ગુર્જર સુથાર સમાજ વિશ્વકર્મા બાગના નવા પ્રમુખ તરીકે જીતેન્દ્રભાઇ માધવજીભાઇ સચાણીયાની સર્વાનુમતે વરણી થઇ છે. છેલ્લા ૧૬ વર્ષથી વિશ્વકર્મા બાગમાં પ્રમુખ રહેલા હસમુખભાઇ શંખલપરાના અનુગામી બન્યા છે. જીતેન્દ્રભાઇ સચાણીયાની વરણીને સૌએ આવકારી છે. અમદાવાદની વિવિધ સંસ્થાના પ્રમુખો-હોદ્દેદારોએ પણ જીતેન્દ્રભાઇની વરણીને આવકારી અભિનંદન આપ્યા છે.



જીતેન્દ્રભાઇ સચાણીયા મુળ ભાવનગરના કમરેજ ગામના છે. પરંતુ તેઓ જન્મથી જ અમદાવાદમાં રહે છે. મણીનગરમાં વિશ્વકર્મા બાગની તદ્દન નજીક રહેતા જીતેન્દ્રભાઇ ઉચ્ચ શિક્ષિત છે. મણીનગર વિસ્તારમાં આપણો શિક્ષિત સમાજ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. આવા શિક્ષિત, સમાજવાળા વિસ્તારને પ્રથમવાર ઉચ્ચ શિક્ષિત પ્રમુખ મળ્યા છે.

જીતેન્દ્રભાઇએ બી.ઇ. મીકેનીકલ સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. તેઓએ અમદાવાદ-બેંગ્લોરની ઉચ્ચ કંપનીઓમાં વાઇસ પ્રેસીડેન્ટ તરીકે કામ કર્યુ છે. આફ્રીકામાં પણ પેકેજીંગ ઇન્ડસ્ટ્રીઝમાં ૬ વર્ષ સુધી ફરજ બજાવી છે. તેઓ અત્યાર સુધીમાં ૩૨ જેટલા દેશોમાં મુસાફરી કરી ચુકયા છે. હાલ તેઓ પ્રોજેકટ કન્સલ્ટીંગનું કામ કરે છે. તેઓના પત્ની મંજુલાબેન પણ ભાવનગરના જાદવાણી પરિવારના છે. જીતેન્દ્રભાઇના પુત્રે જયદીપ બી.ઇ. કરી ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન સીટીમાં એમ.ઇ. કર્યું છે. અને હાલ ૫ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં પ્રોડકશન મેનેજર છે.

જીતેન્દ્રભાઇ વિશ્વકર્મા બાગમાં અગાઉ કમિટીમાં રહી ચુકયા છે. તેઓ સમાજના શિક્ષણના વિકાસ માટે સતત ચિંતિત છે. એટલુ જ નહીં આજની તારીખે તેઓ વિદ્યાર્થીઓને પોતાના ઘેર નિઃશુલ્ક શિક્ષણ આપી રહયા છે. સમાજમાં શિક્ષણ ક્ષેત્રે તન-મન-ધનથી પોતાનું પ્રદાન આપતા રહયા છે. તેઓ સારા દાતા પણ છે. અને ગીતા મંદિર સહિતની સંસ્થાઓમાં આર્થિક યોગદાન આપ્યું છે. અને આપતા રહેલા છે.

વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં જીતેન્દ્રભાઇએ સમાજનું અસરકારક સંગઠન ઉભુ થાય. સંસ્થામાં વચ્ચે ભાઇચારાની ભાવના કેળવાય અને સમગ્ર સમાજ એક અને નેક બને તે માટે સદાય પ્રયત્નશીલ રહેશે તેમ જણાવ્યું હતું.

# યુવા એડવોકેટ હિરેન ગજજરની નોટરી તરીકે કેન્દ્ર દ્વારા પસંદગી

તાજેતરમાં ભારત સરકારશ્રીના કાયદાશાખા નોટરી મેજીસ્ટ્રેટની નિમણુંક માટે ઇન્ટરવ્યુ પરીક્ષા યોજાયેલ હતી. જેમાં રાજકોટના ગુર્જર સુતાર જ્ઞાતિના એડવોકેટ હિરેનભાઇ અરવિંદભાઇ ગજજર (સોંડાગર) નોટરી તરીકેનું નીમણુંક માટે પસંદ થયેલ છે. હિરેનભાઇ ગજજર રાજકોટ શહેરમાં ૨૦૦૯થી સિવિલ, રેવન્યુક્ષેત્રે વકીલાત કરી રહયા છે અને ખુબ જ નાની વયમાં પોતાની મહેનતના કારણે વકીલાત ક્ષેત્રમાં ખુબ જ સારી નામના ધરાવે છે તેઓની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણુંક થતા સગા-સંબંધીઓ, મિત્રો, સીનીયર જુનીયર વકીલો અને ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા જ્ઞાતિજનો અને બીલ્ડરો તરફથી અઢળક શુભેચ્છાઓ મળી રહી છે. તેઓ એક સારા ક્રિકેટર પણ છે અને રાજકોટમાં એડવોકેટની યોજાતી ટુર્નામેન્ટમાં પણ હિસ્સો લે છે અને તાજેતરમાં તેમની ટીમ ચેમ્પિયન પણ થયેલ છે. હિરેનભાઇ ગજજરના પિતા અરવિંદભાઇ આર. ગજજર પણ એડવોકેટ છે અને રાજકોટમાં સને ૧૯૮૪થી સીવીલ અને રેવન્યુ ક્ષેત્રે વકીલાત કરે છે. તેઓ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ પદે સેવા આપે છે.



# વિશ્વકર્મા બાગ સુવિધાપૂર્ણ બનાવનાર હસમુખભાઇ શંખલપરાની ૧૮ વર્ષની સેવા સમાજ સદાય યાદ રાખશે



અમદાવાદમાં આવેલ શ્રી ગુર્જર સુતાર સમાજ મણીનગર કે જે વિશ્વકર્મા બાગના નામથી ઓળખાય છે. આ સંસ્થામાં છેલ્લા ૧૮ વર્ષથી પ્રમુખપદે રહીને તન-મન-ધનથી સેવા કરનાર પ્રમુખ હસમુખભાઇ શંખલપરાએ પ્રમુખપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી સમાજને નવી રાહ ચીંધી છે. તેમના કાર્યકાળ દરમ્યાન સંસ્થાએ સારી એવી પ્રગતિ કરી છે.

૨૦૦ ખુરશીઓના દાતા તરીકે સમાજ સેવામાં પદાર્પણ કરનાર હસમુખભાઇ ગીરધરભાઇ શંખલપરા વર્ષ ૨૦૦૪માં પ્રમુખ તરીકેનું સુકાન સંભાળ્યું. તથા શ્રી ગુર્જર સુતાર સમાજ મણીનગર શ્રી વિશ્વકર્મા બાગની જગ્યામાં ફકત ફેબ્રીકેશનનો શેડ બાંધેલ હતો. સમયાંતરે સમાજના દાતાશ્રીઓ અને સફળ વહીવટથી ૨૦૧૬માં તેમણે પાર્કિંગ સાથે ધાબુ ભરી ઉપર ફેબ્રીકેશનનો હોલ તૈયાર કર્યો. હોલમાં સીલીંગ, દિવાલો પર ટાઇલ્સ સાથે તૈયાર થયેલ હોલ સમાજને સગવડતા સાથે વપરાશ માટે ખુલ્લો મુકયો ત્યારબાદ તો સોલાર પેનલ, નવા લેટ્રીન બાથરૂમ, રસોડા વગેરે ફેરફાર સાથે વાડીને સીસીટીવી કેમેરા સહિત વાડીને સમાજ ઉપયોગી બનાવી. ફકત ૪૦૦૦/- રૂ.ના વાડી ભાડા અને વીજળી ગેસ પાઇપલાઇન સાથે સમાજનો કોઇપણ વ્યકિત ૧૦૦૦ માણસ સુધીનું રસોડા વાસણ સાથેના ખર્ચ ફકત ૧૫૦૦૦/- થી ૨૦૦૦૦/- સુધીમાં ખર્ચો કરી લગ્નપ્રસંગ કરી શકે તેવી વ્યવસ્થા કરી.

વર્ષમાં અંદાજીત ૧૫૦ થી ૧૭૦ દિવસ સુધી વાડીના બુકીંગ રહે છે અને અમદાવાદમાં નજીવા દરે સમાજનો કોઇપણ વ્યક્તિ પ્રસંગ પાર પાડી શકે તેવી વ્યવસ્થાઓ ગોઠવી. શ્રી હસમુખભાઇ શંખલપરાએ ઉત્તમ દાખલો બેસાડ્યો છે.

વ્યવસાયે બિલ્ડર એવા હસમુખભાઇ શંખલપરાએ પોતે દાતા પણ છે. અવારનવાર તેઓએ દરેક પ્રસંગે દાન પણ નોંધાવતા. હસમુખભાઇ શંખલપરાની ૧૮ વર્ષની સેવાને શ્રી ગુર્જર સુતાર સમાજ સદાય યાદ રાખશે. તન-મન-ધનથી સેવા આપી સંસ્થાની ગરીમા જાળવી સ્વેચ્છાએ નિવૃત્તિ લઇ રહેલા માનનીય પ્રમુખ હસમુખભાઇ ગીરધરભાઇ શંખલપરાને સૌએ દીર્ધાયુષ્યની પ્રાર્થના કરી હતી.

**- વિનુભાઇ મહીધરીયા**


## વિશ્વકર્મા વિશ્વ(માસિક)

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ(સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬) અન્વયે વિશ્વકર્મા વિશ્વ(ગુજરાતી, માસિક) અંગેની માહિતી(ફોર્મ નં. - ૪ રૂલ નં ૮)

| | | |
|---|---|---|
| ૧. **પ્રકાશનનું સ્થળ** | : | 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૨. **પ્રસિદ્ધીનો ગાળો** | : | માસિક (દર મહિનાની ૧૦મી તારીખે) |
| ૩. **મુદ્રક** | : | પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **સરનામું** | : | 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૪. **માલિક** | : | પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **સરનામું** | : | 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૫. **પ્રકાશક** | : | પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **સરનામું** | : | 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| ૬. **તંત્રી** | : | પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **સરનામું** | : | 'મેઘાવી', આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |

૭. જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોના નામ તથા સરનામા ઉપરની કોલમ નં ૪-૫-૬ મુજબ છે.

હું પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**સ્થળ : રાજકોટ** — **પ્રવિણ ડી. ગજ્જર**

**તારીખ :** ૧૦-૩-૨૦૨૩ — **(માલિક-પ્રકાશક-તંત્રી-મુદ્રક)**

# સમસ્ત લુહાર સમાજ દ્વારા રાહત દરે તબીબી સેવાનો પ્રારંભ

## રાષ્ટ્રીય શાળા સામે દવાખાનામાં નિષ્ણાંત તબીબોની સેવા

● પ્રવીણ ગજ્જર








રાષ્ટ્રીય શાળાની સામે આવેલ શ્રી સૌરાષ્ટ્ર સમસ્ત લુહાર જ્ઞાતિ મંડળ દ્વારા સંસ્થામાં રાહત દરે દવાખાનું શરૂ કરવામાં આવ્યું છે. દવાખાનાના ઉદ્દઘાટન પ્રસંગે સમાજના નિષ્ણાંત તબીબોના સહયોગથી સર્વ રોગ નિદાન કેમ્પ પણ યોજવામાં આવ્યો તો. જેનો ૧૫૦ દર્દીઓએ લાભ લીધો હતો.

રાહતદરના દવાખાનાનું ઉદઘાટન ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાએ કર્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

સર્વ રોગ નિદાન કેમ્પમાં ડો. પ્રકાશ પિત્રોડા, ડો. ધીરેન રાઠોડ, ડો. પ્રતીક સિદ્ધપુરા, ડો. જીગર ડોડીયા, ડો. પ્રકાશ કારેલીયા, ડો. વીરલ હરસોરા, ડો. જીજ્ઞેશ કારેલીયા, ડો. આશીષ મકવાણા, ડો. ઇશીતા સિદ્ધપુરા, ડો. પ્રીતિ સિદ્ધપુરા, ડો. જયંતિ પરમાર વગેરેએ સેવા આપી હતી. રાષ્ટ્રીય શાળાના મધ્યસ્થ હોલમાં રખાયેલ સમારંભમાં આ તમામ ડોકટરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ તમામ ડોકટરો દવાખાનામાં નિયમિત સેવા આપી રહયા છે.

ઉદઘાટન સમારંભમાં ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાએ કહયુ કે, મને વિજેતા બનાવવામાં આ સમાજનો ઘણો ફાળો છે. સમાજના કામો માટે સદાય તત્પર રહીશ.

આ પ્રસંગે ટુંકાગાળામાં મોટી પ્રગતિ કરી રાહતદરે તબીબી સેવા શરૂ કરવા બદલ પ્રમુખ કમલેશભાઇ સિદ્ધપુરાનું બ્લેક સ્મિથ સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભમાં અશોકભાઇ રાઠોડ, લુહાર હિતેચ્છુ મંડળના પ્રમુખ ભરતભાઇ મારૂ, શીયાણીનગર વાડીના પ્રમુખ રાજુભાઇ સિદ્ધપુરા, નગર સેવિકા કંચનબેન સિદ્ધપુરા વગેરે પણ ઉપસ્થિત રહયા તા.


સર્વ રોગ કેમ્પની ધારાસભ્ય દર્શીતાબેન શાહ તેમજ ભાજપના આગેવાનોએ મુલાકાત લીધી હતી. રાહત કેમ્પમાં દર્દીઓને દવા પણ વિનામુલ્યે અપાઇ હતી. કાર્યક્રમનું સંચાલન યોગેશ સોલંકી અને મંગેશભાઇ મિસ્ત્રીએ કર્યું હતું.

પ્રમુખ કમલેશ સિદ્ધપુરા, સંગઠન મંત્રી મનસુખભાઇ સોલંકી, દિલીપભાઇ ઉમરાડીયા, ઉપપ્રમુખ ભરતભાઇ મારૂ, મંત્રી સુરેશભાઇ પરમાર, ખજાનચી યોગેશભાઇ સોલંકી, સભ્યો મનિષ મારૂ, ગીરીશભાઇ રાઠોડ, હિતેશભાઇ વાઘેલા, જીતુભાઇ ડોડીયા, જગદીશભાઇ મકવાણા, નીતિનભાઇ સિદ્ધપુરા, વિલાસભાઇ પિત્રોડા વગેરેએ જહેમત ઉઠાવી હતી.




# Forging the Future

"આંતરરાષ્ટ્રીય ગુણવતા પ્રમાણે મોડર્ન ફોર્જીંગ ટેકનોલોજી તેમજ સી.એન.સી. મશીન દ્વારા બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌ના ઉત્પાદક. ભારત, અમેરીકા તથા યુરોપની નામાંકિત કંપનીઓ જેવી કે SKF, SCHAEFFLER, TIMKEN, TACO, NTN-SNR-ICSA, KOYO, NACHI, NBC, MAHINDRA GEARS & DANA-OERLIKON ના ગ્રીનફ્લો કેટેગરીના સપ્લાયર."









RTL

## રવિ ટેકનોફોર્જ પ્રા. લી.

IATF 16949 : 2016, ISO 14001 : 2015 & ISO 45001 : 2018

ઉત્પાદક : બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌

રજીસ્ટર્ડ ઓફિસ એન્ડ ફેક્ટરી : સર્વે નં. 50/પી, ટોલનાકાની પાછળ, રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે નં.27, પીપળીયા, તા. ગોંડલ, જી. રાજકોટ. ગુજરાત (ભારત) ફોન : +91-2827-350200

E-mail : info@ravitechnoforge.com | Web : www.ravitechnoforge.com




VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**